અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૧૩ | અંક : ૨૩૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ત્રણ બાળકોએ ખાધું હતું ચામાચીડિયું

## આફ્રિકામાં કોરોના કરતાં ઘાતક વાયરસ ફેલાયો, ૫૦થી વધુના મોત

### બોમેટે શહેરમાં રહસ્યમય વાયરસથી અનેક લોકોના મોત થયા બાદ તે કોરોના કરતાં પણ ખતરનાક હોવાનો દાવો કરવામાં આવ્યો છે

। (એજન્સી) આફ્રિકા, તા.૨૫ ।

આફ્રિકામાં ઈબોલા અને ઝીકા જેવા જીવલેણ વાયરસે આતંક મચાવ્યા બાદ હવે વધુ એક નવો વાયરસ ફેલાઈ રહ્યો છે. સેન્ટ્રલ આફ્રિકાના કોંન્ગોમાં ફેલાયેલા આ વાયરસથી ૫૦થી વધુ લોકોના મોત થયા છે. બોમેટે શહેરમાં રહસ્યમય વાયરસથી અનેક લોકોના મોત થયા બાદ તે કોરોના કરતાં પણ ખતરનાક હોવાનો દાવો કરવામાં આવ્યો છે.




આફ્રિકામાં ફેલાયેલા નવા ઘાતક વાયરસ અંગે સ્થાનિક ડૉક્ટરો અને વિશ્વ આરોગ્ય સંગઠને ચોંકાવનારા તથ્યો રજૂ કર્યા છે. ડૉક્ટરોએ કહ્યું કે, મોટાભાગના કેસોમાં વાયરસના લક્ષણ દેખાયા બાદ માત્ર ૪૮ કલાકમાં મોત થાય છે, તેથી આ સ્થિતિ ભયાનક અને ચિંતાજનક છે.સૌથી ચોંકાવનારી વાત એ છે કે, સૌ પ્રથમ ૨૧ જાન્યુઆરીએ વાયરસનો કેસ સામે આવ્યો હતો. ત્યારથી અત્યાર સુધીમાં ૪૧૯ લોકો સંક્રમિત થયા છે. બોમેટે શહેરમાં ૯ જાન્યુઆરીએ રહસ્યમય મોતની સંખ્યામાં વધારો થતાં આરોગ્ય તંત્ર એલર્ટ પર આવી ગયું હતું અને પીડિત લોકોના સેમ્પલ લીધા બાદ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે. આફ્રિકા સ્થિત વિશ્વ આરોગ્ય સંગઠનની ઑફિસના જણાવ્યા મુજબ, રહસ્યમય વાયરસનો પ્રથમ કેસ બોલોલો શહેરમાં નોંધાયો હતો, જ્યાં ત્રણ બાળકોએ ચામાચીડીયું ખાધું હતું. ત્યારબાદ તેઓને અતિશય તાવ આવ્યો અને ૪૮ કલાકમાં મોત થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા વર્ષોથી આફ્રિકા અને એશિયા જેવા ખંડોમાં જાનવરોમાં માણસોમાં વાયરસ પહોંચવાના કેસોમાં વધારો થયો છે. WHOઓએ ૨૦૨૨માં કહ્યું હતું કે, પાછલા દાયકામાં આફ્રિકામાં આવા કેસોમાં ૬૦ ટકાથી વધુનો વધારો થયો છે. કોલેરા, પ્લેગ, ડેન્ગ્યુ, હિપેટાઈટીસ બી સી અને ઈ, મંકી પોક્સ, એન્થ્રેક્સ, એવિયન ઈન્ફલ્યુએન્ઝા, ક્રિમિઅન કોંગો હેમોરહેજિક ફીવર, રિફ્ટ વેલી ફીવર, યલો ફીવર અને ઝિકા વાયરસ જેવા ડરામણા રોગોની શરુઆત આફ્રિકામાં થઈ હતી.

'જાપાનીઝ એન્સેફાલીટીસ વાયરસ', 'બ્લેક ડેથ' અને 'બરમાહ ફોરેસ્ટ વાયરસ' જેવી બીમારીઓ એશિયામાં ઉદ્ભવી હતી. એશિયામાં પણ સૌથી વધુ નવા રોગચાળા ચીનમાં જ ઉદ્ભવ્યા છે. ચીને દુનિયાને 'સાર્સ', 'એશિયન ફ્લુ' અને 'કોરોના વાયરસ'ની ભેટ આપી છે.

### નગરદેવી ભદ્રકાળીનું મંદિર લોકોની આસ્થાનું કેન્દ્ર છે

## અમદાવાદમાં ૬૧૪ વર્ષ પછી નગરદેવી યાત્રાએ નીકળશે

### ૬.૨૫ કિલોમીટર લીંબા આ નગરયાત્રા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે. અમદાવાદના મેયર નગરયાત્રાનું પ્રસ્થાન કરાવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

આજે મહાશિવરાત્રિનું પર્વ છે. આ સાથે ૨૬ ફેબ્રુઆરી એટલે કે અમદાવાદનો સ્થાપના દિવસ પણ છે. અમદાવાદના સ્થાપના દિવસના દિવસે નગરદેવી ભદ્રકાળી માતા નગરયાત્રાએ નીકળવાના છે. ૬.૨૫ કિલોમીટર લીંબા આ નગરયાત્રા સવારે ૭.૩૦ કલાકે શરૂ થશે. અમદાવાદના મેયર નગરયાત્રાનું પ્રસ્થાન કરાવશે. આ દરમિયાન કેટલાક રસ્તાઓ પણ બંધ રહેવાના છે. તમે પણ જાણો નગરચર્યાનો રૂટ સહિત દરેક માહિતી. નગરદેવી ભદ્રકારી માતાની નગરયાત્રાનો પ્રારંભ સવારે ૭.૩૦ કલાકે થશે. સવારે ૭.૪૫ કલાકે યાત્રા મંદિર પરિસરમાં હશે. ત્યારબાદ સવારે ૮ કલાકે ત્રણ દરવાજા, ૮.૩૦ કલાકે માણેકચોક, ૯ વાગ્યા અમદાવાદ મહાનગર પાલિકા ઓફિસ, ૯.૩૦ કલાકે ખમાસા રોડ, ૧૦ વાગ્યે જબલપુર જગન્નાથ મંદિર, ૧૧ કલાકે સાબરમતી રિવરફ્રંટ પાસે, ૧૧.૩૦ કલાકે રિવરફ્રન્ટ મહાલક્ષ્મી મંદિર, ૧૨ કલાકે લાલ દરવાજા વસંત ચોક, ૧૨.૩૦ કલાકે લાલ દરવાજા વીજળી ઘર અને ૧૨.૪૫ કલાકે બહુચર માતા મંદિર ભદ્ર પરિસરમાં નગરયાત્રા સંપન્ન થશે. અમદાવાદના મેયર આ નગરયાત્રાની પહિંદવિધિ કરાવશે.




સવારે ૭ કલાકે માતાજીની આરતી અને પૂજા થશે. ભદ્રકાળી મંદિર ટ્રસ્ટે આપેલી માહિતી પ્રમાણે મેયર પહિંદવિધિ કરાવશે. આ નગરયાત્રા મંદિર પરિસરથી ત્રણ દરવાજા થઈ માણેકચોકમાં માણેકનાથ દાદાની આરતી કરવામાં આવશે. આ નગરયાત્રા કોર્પોરેશન પહોંચશે ત્યાં કમિશનર સહિતના અધિકારીઓ આરતી ઉતારશે. નગરદેવીની નગરયાત્રા દરમિયાન આ રસ્તાઓ રહેશે બંધ

અમદાવાદમાં ૨૬ ફેબ્રુઆરીએ ભદ્રકાળી માતા નગરયાત્રાએ નીકળવાના છે ત્યારે અમદાવાદમાં કેટલાક રસ્તાઓ પણ બંધ રહેવાના છે. આ યાત્રા સવારે ૭ કલાકથી શરૂ થવાની છે.

### ન્યૂઝ બ્રિફ

## પીએમ નરેન્દ્ર મોદી આવશે પોતાના વતન ગુજરાતના પ્રવાસે



। ગાંધીનગર, તા.૨૫ ।


વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના વતન ગુજરાતના પ્રવાસે આવનાર છે. માર્ચ મહિનામાં બે વખત ગુજરાતના પ્રવાસે આવશે. મહિનાની શરૂઆતમાં ૩ માર્ચ અને ત્યારબાદ ૭ અને ૮ માર્ચે તેઓ ફરીવાર ગુજરાતના પ્રવાસે આવશે. ૩જી માર્ચ દરમિયાન સાસણમાં યોજાનારી નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં ભાગ લેવા મોદી આવશે, જ્યારે ૭ અને ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસ સહિતની ઉજવણી માટે તેઓ સુરત અને નવસારીની મુલાકાત લેશે. વડાપ્રધાન મોદી આવતા મહિને વધુ એક વખત ગુજરાતના પ્રવાસે આવનાર છે. મહિનાની શરૂઆતમાં ૩ માર્ચ તથા તે પછી ૭ અને ૮ માર્ચે તેઓ ગુજરાતમાં બે અલગ-અલગ વિસ્તારમાં જશે.

### ૧૯૮૪ના શીખ રમખાણનો મામલો

## બે શીખોની હત્યા મામલે કોંગ્રેસ નેતા સજ્જન કુમારને જન્મટીપની સજા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હીની કોર્ટે શીખ રમખાણો મામલે આરોપી સજ્જન કુમારને જન્મટીપની સજા ફટકારી છે. દિલ્હીના સરસ્વતી વિહારમાં બે શીખોની હત્યા કરવા મામલે તેમને દોષિત ઠેરવાયા હતા. આ મામલે સજ્જન કુમારને જન્મટીપની સજા ફટકારી છે. રાઉઝ એવન્યૂ કોર્ટે ચુકાદો આપ્યો હતો. ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોથી સંબંધિત સરસ્વતી વિહારમાં બે શીખોની હત્યાના કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે કોંગ્રેસ નેતા સજ્જન કુમારને દોષિત ઠેરવ્યા છે. આ મામલો પહેલી નવેમ્બર-૧૯૮૪નો છે, જેમાં પશ્ચિમ દિલ્હીના રાજનગર વિસ્તારમાં બે શીખો સરદાર જસવંત સિંહ અને



સરદાર તરૂણ દીપ સિંહની હત્યા કરવામાં આવી હતી. તે દિવસે સાંજે લગભગ ચાર વાગ્યે હિંસાખોરોની એક ભીડે લોખંડના સળીયા અને લાકડીઓ લઈને પીડિતોના ઘર પર હુમલો કર્યો હતો. તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા બાદ દેશભરમાં શીખ વિરોધી રમખાણો ફેલાયા હતાં. રાજધાની દિલ્હીમાં પણ મોટે પાયે શીખોની હત્યા થઈ હતી.

## કોલકાતામાં વહેલી સવારે ૫.૧ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો

### આચંકા એટલા તીવ્ર હતા કે ઘરમાં રાખેલા વાસણો પણ પડી ગયા હતા અને ઘરમાં પણ કંપનનો અનુભવ થયો હતો

। (એજન્સી) કોલકાતા, તા.૨૫ ।

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં મંગળવારે સવારે બંગાળની ખાડીમાં ૫.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. કોલકાતા અને પશ્ચિમ બંગાળના ઘણા ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ ભૂકંપ સવારે ૬:૧૦ વાગ્યે આવ્યો હતો.વહેલી સવારે ભૂકંપના તીવ્ર આંચકાથી લોકો ગભરાઈ ગયા હતા.



ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર બંગાળની ખાડીમાં હતું અને તેની ઊંડાઈ ૯૧ કિલોમીટર હતી. જોકે ભૂકંપના ભારે આંચકાને કારણ લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા પણ ભૂકંપની પુષ્ટિ કરવામાં આવી છે. ભૂકંપથી થયેલા નુકસાન અંગે હજુ સુધી કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. કોલકાતામાં આવેલા ભૂકંપનું કેન્દ્રબિંદુ શહેરથી ઘણું દૂર હતું. આજના ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૯૧ કિલોમીટર નીચે હતું, તેથી ભૂકંપથી કોઈ નુકસાન થવાની શક્યતા ઓછી છે. ભૂકંપના આંચકાથી કોલકાતાના રહેવાસીઓમાં ક્ષણિક ગભરાટ ફેલાયો હતો, પરંતુ નુકસાન કે જાનહાનિના તાત્કાલિક કોઈ અહેવાલો બહાર આવ્યા નથી.થોડા દિવસ પહેલા દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. સવારે ૫.૩૬ કલાકે આવેલા ભૂકંપની તીવ્રતા ૪.૦ હતી. ભૂકંપના કારણે લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. આચંકા એટલા તીવ્ર હતા કે ઘરમાં રાખેલા વાસણો પણ પડી ગયા હતા અને ઘરમાં પણ કંપનનો અનુભવ થયો હતો.

## રેલવે સ્ટેશનોમાં મેટ્રો જેવી વ્યવસ્થા થઈ જશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

રેલવે સ્ટેશનોમાં મેટ્રો જેવી વ્યવસ્થા થઈ જશે. ભીડ ઓછી કરવા માટે રેલવે ખાસ પ્લાન બનાવી રહ્યું છે. ટૂંક સમયમાં જ આ દિશામાં કામ પણ શરુ થઈ જશે. પ્રયોગ તરીકે અમુક સ્ટેશનો પર આ વ્યવસ્થા લાગુ થઈ ગઈ, જે ખૂબ સફળ સાબિત થઈ રહી છે. આ કારણે નવી વ્યવસ્થાને સ્થાયી રીતે લાગુ કરવામાં આવી શકે છે. રેલવે, વ્યવસ્થા લાગુ કર્યા પહેલા અન્ય પાસા પર મંથન પણ કરી રહ્યું છે. મહાકુંભના કારણે સમગ્ર દેશના તમામ રેલવે સ્ટેશનો પર ખૂબ ભીડ એકઠી થઈ રહી છે.

## હાથીઓના ટોળાએ હુમલો કરીને ૫ લોકોને મારી નાખ્યા

। (એજન્સી) આંધ્રપ્રદેશ, તા.૨૫ ।

આંધ્રપ્રદેશના અન્નમય્યા જિલ્લામાંથી મોટા સમાચાર આવ્યા છે. અહીં હાથીઓના ટોળાએ હુમલો કરીને ૫ લોકોને મારી નાખ્યા. જિલ્લાના તાલકોનામાં ભગવાન શિવ મંદિરમાં મહાશિવરાત્રીની ઉજવણીનું આયોજન કરવામાં આવી રહ્યું હતું જેમાં ઘણા ભક્તો ભાગ લેવાના હતા. આ દરમિયાન હાથીઓના ટોળાએ હુમલો કર્યો. આમાં ૫ લોકોના ઘટનાસ્થળે જ અવસાન થયા હતા, જ્યારે ઘણા લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. ૐના અહેવાલ મુજબ, અકસ્માત મંગળવારે સવારે ૫:૩૦ વાગ્યાની આસપાસ થયો હતો. એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, એક ભક્તે બૂમો પાડીને હાથીઓના ટોળાને ડરાવવાનો પ્રયાસ કર્યો. આનાથી ટોળું ગુસ્સે થયું અને તેણે લોકો પર હુમલો કર્યો. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૨ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકો રેલ્વે કોડુરુ મંડળના ઉરાલગડાપાડુ ગામના રહેવાસી હતા. ૧૭ ફેબ્રુઆરીના રોજ, કેરળના કોઝિકોડ જિલ્લામાં એક મંદિર ઉત્સવ દરમિયાન હાથીઓએ પણ વિનાશ મચાવ્યો હતો. બે હાથીઓ બેકાબૂ થઈ ગયા, જેના કારણે ત્રણ લોકોના મોત થયા.

## મહાશિવરાત્રિના ધસારાને કારણે ૨૭ ફેબ્રુઆરી સુધી VIP દર્શન બંધ

। (એજન્સી) કાશી, તા.૨૫ ।

મહાશિવરાત્રી દરમિયાન ભક્તોના ભારે ધસારાને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ ૨૫ થી ૨૭ ફેબ્રુઆરી સુધી અહીંના કાશી વિશ્વનાથ મંદિરમાં VIP 'દર્શન' સુવિધા સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. કાશી વિશ્વનાથ મંદિરના મુખ્ય કાર્યકારી અધિકારી, વિશ્વ ભૂષણ મિશ્રાએ જણાવ્યું હતું કે નજીકના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાંથી ભક્તોના પરત આવવાના પ્રવાહને કારણે મંદિરમાં મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ કુંભ મેળાની સાથે મહાશિવરાત્રી હોવાથી દેશભરના શ્રદ્ધાળુઓ, નાગા સાધુઓ સહિત વિવિધ અખાડાઓના સંતો, મોટી સંખ્યામાં પ્રાર્થના કરવા માટે આવે તેવી અપેક્ષા છે, એમ તેમણે નોંધ્યું હતું. "આ પ્રસંગે, નાગા અખાડાઓ એક ભવ્ય શોભાયાત્રા પણ કાઢશે, જે મંદિરના ગેટ નંબર ૪ દ્વારા સામાન્ય પ્રવેશને અસ્થાયી રૂપે અવરોધિત કરશે. આનાથી નિયમિત ભક્તો માટે રાહ જોવાનો સમય વધવાની શક્યતા છે." ગરમ અને ભેજવાળા હવામાનને કારણે લાંબા સમય સુધી રાહ જોવાથી ખાસ કરીને બાળકો, મહિલાઓ અને વૃદ્ધ મુલાકાતીઓ માટે સ્વાસ્થ્ય જોખમો ઉભા થઈ શકે છે.

### દિલ્હી વિધાનસભામાં CAGના બે રિપોર્ટ રજૂ

## ૨૨ ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા બાદ મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ CAGનો રિપોર્ટ રજૂ કર્યો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૫ ।

દિલ્હી વિધાનસભાની કાર્યવાહી આજે મંગળવારે હોબાળા સાથે શરૂ થઈ હતી. ઉપરાજ્યપાલના અભિભાષણ વચ્ચે વિપક્ષ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ભારે હોબાળો કર્યો હતો. સ્પીકરે વિપક્ષ નેતા આતિશી સહિત હોબાળો કરનારા તમામ ધારાસભ્યોને બહાર જવા આદેશ આપ્યો હતો. તેમજ આજે દિવસ દરમિયાન તેમને સદનની કાર્યવાહીમાં ભાગ ન લેવાનું સૂચન આપ્યું છે. આજે સદનમાં રજૂ થનારા CAG



રિપોર્ટના કારણે વિપક્ષ આમ આદમી પાર્ટીએ વિરોધ કર્યો હતો. ભારે હોબાળાના કારણે સ્પીકરે વિપક્ષ નેતા આતિશી અને AAPના ૨૨ ધારાસભ્યોને સદનની બહારનો રસ્તો બતાવ્યો હતો. સદનની કાર્યવાહી શરૂ થતાં જ હોબાળો શરૂ કર્યો હતો. સદનની બહાર પણ વિપક્ષે સરકાર પર આક્ષેપબાજી કરી હતી દિલ્હી વિધાનસભામાં આજે CAG રિપોર્ટ રજૂ થવાનો છે. આ રિપોર્ટમાં આમ આદમી પાર્ટી પર મુખ્યમંત્રી આવાસ અને મોહલ્લા ક્લિનિક્સના રિનોવેશનમાં કથિત ગેરરીતિઓનો ઉલ્લેખ છે. CAG રિપોર્ટના કારણે દિલ્હીની ભાજપ સરકાર આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ પર પ્રહારો કરવા તૈયાર છે. લેફ્ટનન્ટ ગવર્નરે પોતાના અભિભાષણમાં કહ્યું હતું કે, સરકાર પાંચ ટોચના મુદ્દાઓ પર કામ કરશે.

## આજે અંતિમ અમૃત સ્નાનની સાથે મહાકુંભનું સમાપન થશે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૫ ।

મહાકુંભ હવે અંતિમ તબક્કામાં છે. મહા શિવરાત્રિ પર અંતિમ અમૃત સ્નાનની સાથે મહાકુંભનું સમાપન થશે. જેના લીધે પ્રયાગરાજમાં ભારે ભીડ ઉમટી પડવાની શક્યતા છે. આ સંકેતને ધ્યાનમાં રાખતાં પોલીસ અને તંત્રે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. રેલવેએ પણ સંપૂર્ણ તૈયારી કરી છે. આજે સાંજે ચાર વાગ્યાથી કુંભ મેળાના ક્ષેત્ર નો વ્હિકલ ઝોન બનશે. જ્યારે ૨૬ ફેબ્રુઆરીના મહા શિવરાત્રિના લીધે સાંજે છ વાગ્યાથી આખા પ્રયાગરાજમાં નો વ્હિકલ ઝોન લાગુ કરાશે. માત્ર જીવનજરૂરી ચીજવસ્તુઓ લઈ જતાં વાહનોની છૂટ આપશે. ભીડને જોતાં રેલવે સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવાયા છે, જ્યાં શ્રદ્ધાળુઓને રોકાણ કરવાની સુવિધા મળશે. પ્રયાગરાજ મહાકુંભમાં અત્યાર



સુધીમાં ૬૩ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી છે. અહેવાલો છે કે, મહા શિવરાત્રિના સ્નાનમાં ફરી એકવાર મહાકુંભમાં ભક્તોની ભીડના તમામ રેકોર્ડ તૂટી શકે છે. અગાઉ નાસભાગની ઘટનાને ધ્યાનમાં રાખતાં જિલ્લા વહીવટીતંત્ર અને ન્યાયી વહીવટીતંત્ર આ માટે સંપૂર્ણ રીતે સજ્જ બન્યું છે સીએમ યોગી આદિત્યનાથ પોતે મોનિટરિંગ કરી રહ્યા છે અને જરૂરી નિર્દેશ આપી રહ્યા છે. તાજેતરમાં, મુખ્ય સચિવ અને ડીજીપીએ સમીક્ષા બેઠક યોજી હતી અને તૈયારીઓની સમીક્ષા કરી હતી મહા શિવરાત્રિ અને મહાકુંભના અંતિમ સ્નાન માટે ભક્તોનું ઘોડાપુર પ્રયાગરાજ પહોંચી રહ્યું છે. સોમવારે સાંજથી રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડથી સંગમ તરફ જતાં માર્ગો પર વાહનોની લાંબી કતારો લાગી હતી. ભક્તો માટે ત્રણ ડઝન પાર્કિંગની જગ્યાઓ બનાવવામાં આવી છે. મહા શિવરાત્રિના સ્નાન માટે ભક્તોની સરળ અવરજવર અને સુરક્ષા માટે મેળાના વિસ્તારમાં ટ્રાફિક ડાયવર્ઝન અને પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૮ વાગ્યાથી ૨૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૮ વાગ્યા સુધી મહાકુંભ મેળાના વિસ્તારમાં વહીવટી અને ઈમરજન્સી વાહનો સિવાય તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જૌનપુર બાજુથી આવતા વાહનો માટે પાર્કિંગ - સુગર મિલ પાર્કિંગ, પૂરે સુરદાસ પાર્કિંગ ગારાપુર રોડ, સમયમય મંદિર કાચર પાર્કિંગ, બદરા સૌનૌટી રહીમાપુર રોડ ઉત્તર/દક્ષિણ પાર્કિંગ. જૌનપુર બાજુથી આવતા ભક્તો તેમના વાહનો પાર્ક કરીને જૂના જીટી રોડ દ્વારા મેળા વિસ્તારમાં જઈ શકે છે.

## મહાશિવરાત્રી પર રેલવેની ખાસ તૈયારીઓ, પ્રયાગરાજથી ૩૫૦ થી વધુ ટ્રેનો દોડાવવાની યોજના

। અમદાવાદ, તા.૨૫ ।

મહાકુંભ ૨૦૨૫નું છેલ્લું અમૃતસ્નાન ૨૬મી ફેબ્રુઆરીએ થવાનું છે. ગંગા, યમુના અને સરસ્વતીના મિલન સ્થળ સંગમ ખાતે સ્નાન કરવા માટે ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, ઝારખંડ અને બંગાળ સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ પહોંચ્યા છે. રવિવાર અને સોમવારે પણ બિહારના પટના, દાનાપુર, મુઝફ્ફરપુર, ગયા, સાસારામ, કટિહાર, ખગરિયા, સહરસા, જયનગર, દરભંગા વગેરે સ્ટેશનો પર મુસાફરોની સંખ્યા વધુ રહી હતી. ઉત્તર પ્રદેશના ગોરખપુર, લખનૌ, અયોધ્યા, વારાણસી, કાનપુર, ગોંડા, દીનદયાલ ઉપાધ્યાય, ઝાંસી વગેરે જિલ્લાના રેલવે સ્ટેશનો પર પ્રયાગરાજ જતા મુસાફરોની સંખ્યા સરેરાશ કરતા ઘણી વધુ હતી. મધ્ય પ્રદેશના ચિત્રકૂટ, જબલપુર, સતના, ખજુરાહો તેમજ ઝારખંડના ધનબાદ, બોકારો, રાંચી, ગઢવા અને મેદની નગર સ્ટેશનો પર મોટી સંખ્યામાં લોકો પ્રયાગરાજ જવા રવાના થયા હતા. અમૃતસ્નાન પછી પોતપોતાના શહેરો પરત જતા લોકો અને ભક્તોની ભારે ભીડ રેલ્વે સ્ટેશનો પર એકઠી થવાની સંભાવના છે. તેને ધ્યાનમાં રાખીને ઉત્તર મધ્ય રેલવે, ઉત્તર પૂર્વ રેલવે અને ઉત્તર રેલવેએ વ્યાપક તૈયારીઓ કરી છે અને તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના કામના સ્થળો પર સતર્ક રહેવા સૂચના આપી છે. રેલ્વે મૌની અમાવસ્યાના દિવસે ૩૬૦ થી વધુ ટ્રેનો ચલાવીને ૨૦ લાખથી વધુ લોકોને તેમના ગંતવ્ય સ્થાને મોકલવામાં સફળ રહી હતી. મહાશિવરાત્રી સ્નાન પછી પણ શ્રદ્ધાળુઓની સેવા માટે વધુ સંખ્યામાં ટ્રેનો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે અને પ્રયાગરાજ નજીકના સ્ટેશનો પર વધારાની રેક રાખવામાં આવી છે જેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રેલવેએ શરૂઆતમાં મહાકુંભ દરમિયાન લગભગ ૧૩૫૦૦ ટ્રેનો દોડાવવાની યોજના બનાવી હતી. મહાકુંભના ૪૨મા દિવસ સુધી ૧૫૦૦૦થી વધુ ટ્રેનો દોડાવવામાં આવી છે, જેમાં મોટી સંખ્યામાં સ્પેશિયલ ટ્રેનોનો સમાવેશ થાય છે. રેલવેની સમગ્ર વ્યવસ્થાનું મોનિટરિંગ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતે કર્યું છે. રેલ્વે બોર્ડના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સતીશ કુમાર પણ રેલ્વે બોર્ડ તરફથી ટ્રેનો પર સતત નજર રાખી રહ્યા છે. ત્રણ ઝોનલ રેલ્વેના જનરલ મેનેજર તેમની ટીમ સાથે પણ રેલ્વે પ્રણાલીને મજબૂત કરવામાં રોકાયેલા છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલ્વે બોર્ડના ચેરમેન અને તમામ ઝોનના જનરલ મેનેજરોને મહાકુંભના મુસાફરોની સુવિધાનું સંપૂર્ણ ધ્યાન રાખવા સૂચના આપી છે. જો જરૂરી હોય તો વધુ સંખ્યામાં વિશેષ ટ્રેનો દોડાવવામાં આવે.

મહાશિવરાત્રીના ધસારાને ધ્યાનમાં રાખીને રેલ્વે પ્રશાસને શ્રદ્ધાળુઓની સુવિધા માટે સુરક્ષા, આશ્રય, સરળ ટિકિટ વિતરણ અને મોટી સંખ્યામાં ટ્રેનોની વ્યવસ્થા કરી છે. પ્રયાગરાજના તમામ સ્ટેશનો પર રેલવે કોમર્શિયલ ડિપાર્ટમેન્ટના ૧૫૦૦થી વધુ અને રેલવે પ્રોટેક્શન ફોર્સના ૩૦૦૦ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. રેલવે પ્રોટેક્શન સ્પેશિયલ ફોર્સની ૨૯ ટુકડીઓ, મહિલા રેલવે પ્રોટેક્શન સ્પેશિયલ ફોર્સની ૦૨ ટુકડીઓ, ૨૨ ડોગ સ્ક્વોડ અને ૦૨ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને પણ પ્રયાગરાજમાં ફરજ પર તૈનાત કરવામાં આવી છે. સ્કાઉટ અને ગાઈડ, સિવિલ ડિફેન્સ સહિતના તમામ વિભાગોની ટીમો મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓને મુસાફરીની વધુ સારી સુવિધા આપવાનો પ્રયાસ કરી રહી છે.

ભક્તોને તેમના ગંતવ્ય સ્થાને સરળતાથી પહોંચાડવા માટે, પ્રયાગરાજ વિસ્તારના તમામ સ્ટેશનો પર આંતરિક મુવમેંટની યોજના મુજબ કામ કરવામાં આવ્યું હતું અને શ્રદ્ધાળુઓને વિશેષ ટ્રેનો દ્વારા તેમના ગંતવ્ય સ્થાને મોકલવામાં આવ્યા હતા. આ જ ક્રમમાં પ્રયાગરાજ જંકશન પર પણ શ્રદ્ધાળુઓને તેમના ગંતવ્ય સ્થાન પ્રમાણે પેસેન્જર શેલ્ટરમાં મોકલવામાં આવ્યા હતા. નિર્ધારિત પેસેન્જર શેલ્ટરમાંથી, તેઓને એક ખાસ ટ્રેનમાં તેમના ગંતવ્ય સ્થાન પર મોકલવામાં આવ્યા હતા. મુસાફરોની સંખ્યામાં વધારો થતાં, રેલ્વેએ તરત જ તેની કટોકટીની યોજના અમલમાં મૂકી, લોકોને ખુસરો બાગ ખાતે પકડી રાખ્યા અને તેમને સુરક્ષિત અને નિયંત્રિત રીતે પેસેન્જર શેલ્ટર શેડ દ્વારા સ્ટેશનમાં દાખલ કર્યા અને ટ્રેનમાં ચડ્યા. આ સમય દરમિયાન, પ્રયાગરાજ જંક્શન પર સ્થિત કંટ્રોલ ટાવરમાં પ્રયાગરાજ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા તમામ ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી હતી અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી, તાત્કાલિક જરૂરી નિર્ણયો લેવામાં આવી રહ્યા હતા જેથી ટ્રેનોના સંચાલનમાં કોઈ અવરોધ ન આવે. અને શ્રદ્ધાળુઓને સ્પેશિયલ ટ્રેન દ્વારા તેમના ગંતવ્ય સ્થાને મોકલી શકાશે. આ સમયગાળા દરમિયાન, ગંભીર સ્થિતિમાં લાવવામાં આવેલા શ્રદ્ધાળુઓને વિવિધ સ્ટેશનો પર સ્થાપિત નિરીક્ષણ રૂમમાં પણ સારવાર આપવામાં આવી હતી.

મહાકુંભ-૨૦૨૫માં આવેલા ભક્તોએ રેલવેની ડિજિટલ સેવાઓનો પણ લાભ લીધો હતો. લાખો પ્રવાસીઓ વેબપેજ અને કુંભ એપને હિટ કરે છે.

મહાકુંભના છેલ્લા સપ્તાહના અંતે પણ રેલવેની ટીમે નિયમિત અને વિશેષ ટ્રેનોનું સંચાલન કરવાનું ચાલુ રાખ્યું હતું. રવિવારે રેલવેએ ૩૩૫ ટ્રેનો દોડાવીને ૧૬ લાખથી વધુ લોકોને તેમના ગંતવ્ય સ્થાને મોકલવામાં સફળતા મેળવી હતી.

## પીએમ પોષણ યોજના અંતર્ગત મટીરિયલ કોસ્ટમાં કરાયો વધારો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યભરની સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે પીએમ પોષણ યોજના હેઠળ મટીરિયલ કોસ્ટમાં વધારો કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં પીએમ પોષણ અંતર્ગત વિદ્યાર્થીદીઠ દૈનિક મટીરિયલ કસ્ટના દરમાં વધારો કરવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા મટીરિયલ કોસ્ટમાં ૧૩.૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પીએમ પોષણ યોજના હેઠળ લાભાર્થીના મટીરિયલ કોસ્ટમાં ૧૩.૭ ટકાનો વધારો કરી, ધોરણ ૧થી ૫ માટે ૬.૧૯ રૂપિયા અને ધોરણ ૬થી ૮ માટે ૯.૨૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ રકમનો વધારો કરવાથી વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન મળી રહેશે. મધ્યાહન ભોજન યોજના ગુજરાતમાં ૧૯૮૪ માં શરૂ કરવામાં આવી હતી. આ યોજનામાં કેન્દ્ર સરકારનો હિસ્સો ૬૦% અને રાજ્ય સરકારનો હિસ્સો ૪૦% છે. તેમાં સરકારી સહાયિત, સ્થાનિક સંસ્થાની શાળામાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વર્ગના બાળકો માટે કામકાજના દિવસોમાં મફત ભોજનની જોગવાઈ સામેલ છે.

## આણંદ જિલ્લાના ધર્મજ ગામમાં કમળા રોગનો કહેર

। (એજન્સી) આણંદ, તા.૨૫ ।

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ધર્મજ ગામમાં કમળાએ કાળો કહેર મચાવ્યો છે. ગામમાં એવુ કોઈ ઘર નહીં હોય જ્યાં કમળાના દર્દીઓ ના હોય. સમગ્ર ગામમાં હાહાકાર મચી ગયો છે. બિમારી પાછળ અન્ય કોઈ નહીં પરંતુ ધર્મજની ગ્રામ પંચાયત જ જવાબદાર છે. કમળો પાણીજન્ય રોગ છે. એટલે દૂષિત પાણી પીવાથી આ રોગ થાય છે. છેલ્લા ૪૮ કલાકથી ગામમાં સ્થિતિ ઘણી વણસી ગઈ છે. એક બાદ એક લોકો કમળાન ભોગ બની રહ્યા છે. આ અંગે હવે ખૂલાસો થયો છે કે છેલ્લા એક અઠવાડિયામાં પાણીની લાઈનમાં ૨૩ લીકેજ મળ્યા છે. આ લીકેજમાંથી પીવાના પાણી સાથે ગટરના દૂષિત પાણી ભળતા ગામમાં રોગચાળો ફેલાયો છે. હાલ ગ્રામ પંચાયત દ્વારા ૧૩ લીકેજ રીપેર કરાયા છે. જ્યારે અન્ય ૧૦ લીકેજ રિપેરની કામગીરી ચાલુ છે. આ પરથી એ તો સ્પષ્ટ થયુ છે કે પંચાયતે કોઈ ધ્યાન આપ્યું નહીં. ગામની પીવાના પાણીની લાઈનમાં દૂષિત પાણી લોકોના ઘરે સુધી પહોંચી ગયું અને એ પાણી પીવાથી આજે ઘરે ઘરે બીમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. હવે આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યુ છે. તમામ સરકારી વિભાગ કામગીરી કરી રહ્યા છે. જો કે સવાલ એ છે કે પહેલા કેમ બેદરકારી રાખવામાં આવી? જો પહેલા પંચાયત દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવી હોત તો આ પરિસ્થિતિ ન સર્જાઈ હોત. જો કે હવે તંત્ર ધર્મજના લોકોને પાણી ઉકાળીને પીવાની સલાહ આપી રહ્યું છે.

### જૂનાગઢ અને સોમનાથ તરફ જવા માટે ખાસ વ્યવસ્થા

## શિવરાત્રી મેળા અને સોમનાથ મહોત્સવને લઈ એક્સ્ટ્રા બસ દોડશે

। (એજન્સી) રાજકોટ, તા.૨૫ ।

રાજકોટ એસટી વિભાગ દ્વારા શિવરાત્રીના મેળા અને સોમનાથ મહોત્સવમાં ભાગ લેવા માટે જઈ રહેલા યાત્રાળુઓ માટે વિશેષ બસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મુસાફરોને સુવિધા મળે અને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે ૫૦થી વધુ એસટી બસો ફાળવવામાં આવી છે. આ બસ સેવાઓ ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે, જેથી મુસાફરો સરળતાથી યાત્રા કરી શકે. રાજકોટ એસ.ટી. વિભાગના ડિવિઝનલ ટ્રાફિક ઓફિસર વી.બી. ડાંગરના જણાવ્યા અનુસાર, શિવરાત્રીના મેળામાં જવા ઈચ્છુક લોકો માટે જૂનાગઢ અને સોમનાથ તરફ જવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. શિવરાત્રી નિમિત્તે યોજાયેલા મેળામાં લાખો યાત્રાળુઓ જોડાતા હોય છે, અને તેહેવારો દરમિયાન સુગમ પરિવહન સુવિધા પૂરી પાડવા માટે એસટી વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાળુઓ માટે વિશેષ સુવિધા તરીકે, જો ૫૦ લોકોનું ગ્રુપ હોય તો તેમના માટે અલગ બસ ફાળવવાની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. અગાઉના વર્ષમાં એસટી વિભાગને શિવરાત્રીના મેળા દરમિયાન ૩૫ લાખથી વધુની આવક થઈ હતી. આ વર્ષે પણ વધુ યાત્રાળુઓની સંખ્યા હોવાથી નફો વધવાની શક્યતા છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે વિશેષ સોમનાથ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ તહેવારમાં સોમનાથમાં ભક્તો માટે સંગમ સ્નાનનું વિશેષ આયોજન રાખવામાં આવ્યું છે, જે યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સાંસ્કૃતિક અને ધાર્મિક રૂપે મહત્વ ધરાવતી આ યાત્રાને વધુ સરળ બનાવવા માટે એસટી વિભાગ દ્વારા વધુ બસોની વ્યવસ્થા કરાઈ છે.

### TET-TAT ઉમેદવારોના આંદોલન વચ્ચે શિક્ષણ મંત્રીનું નિવેદન

## ગુજરાત સરકાર ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

આજે રાજ્યભરમાંથી ટેટ-ટાટના ઉમેદવારો આંદોલન માટે ગાંધીનગર પહોંચી રહ્યા છે. બીજી તરફ આંદોલન આક્રમક બને તે પહેલાં પોલીસ દ્વારા અટકાયત શરૂ કરી દેવાઈ છે. આ દરમિયાન ટેટ-ટાટ પાસ ઉમેદવારો માટે ગાંધીનગરથી ખુશીના સમાચાર સામે આવ્યા છે.

શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ શિક્ષકોની ભરતીને લઈને મોટું નિવેદન આપતાં કહ્યું છે કે, 'ગુજરાત સરકાર ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી કરશે. સરકારે બાંહેધરી આપી છે તે પ્રમાણે ભરતી થશે. આચાર સંહિતાના કારણે ભરતી પ્રક્રિયામાં મોડું થયું છે. સરકાર દ્વારા ભરતી અંગે જે સત્તાવાર જાહેરાત કરાઈ છે, તે તમામ જગ્યા પર ચોક્કસ ભરતી કરાશે.'

આ રીતે શિક્ષણ મંત્રીએ નિવેદન આપી આંદોલન પર ઠંડુ પાણી રેડી દેવાનો પ્રયાસ કર્યો છે. જો કે જોવાનું એ રહ્યું કે પ્રફુલ્લ પાનસેરિયાના નિવેદન બાદ ટેટ-ટાટના ઉમેદવારો આંદોલન પાછું ખેંચશે કે પછી આંદોલન ઉગ્ર બનશે. ગુજરાતમાં TET-TAT પાસ ઉમેદવારોએ પોતાના પડતર પ્રશ્નોને લઈ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે આજે સોમવારે (૨૪મી ફેબ્રુઆરી) આ ઉમેદવારો ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ આંદોલનમાં પહોંચી રહ્યા છે. જેને લઈને સત્યાગ્રહ છાવણીએ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. આ આંદોલનને મજબૂત બનાવવા માટે ટેટ-ટાટ પાસ ઉમેદવારો સોશિયલ મીડિયાના માધ્યમથી વીડિયો પોસ્ટ કરી હાજર રહેવા માટે અપીલ કરી હતી. જેના પગલે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ ઉગ્ર આંદોલનમાં જોડાવવા માટે રાજ્યભરમાં બહોળી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર પહોંચી રહ્યા છે. આ બધા ઉમેદવારો ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બહાર એકઠા થયા છે. ત્યારે આંદોલનના સ્થળે પહોંચે તે પહેલાં પોલીસે ઉમેદવારોની અટકાયત સિલસિલો શરૂ કરી દીધો છે. ઉમેદવારોની અટકાયત કરાતા પોલીસ આંદોલનકારી ઉમેદવારો ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ ઉમેદવારોની અટકાયત કરી છે.

### વિશ્વામિત્રી નદીમાં પૂરમાંથી રાહત માટે

## બફર તળાવના ખોદકામનું મેયરના હસ્તે ખાત મુહૂર્ત

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં પૂરની પરિસ્થિતિમાં રાહત મળે તેને ધ્યાનમાં રાખી દેણા ગામ પાસે બફર તળાવનું ખોદકામ સીએસઆર ફંડમાંથી કરવાનો નિર્ણય મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ કર્યો હતો. તે બાદ આજે દેણા ગામ ખાતે મેયર પિંકીબેન સોનીના હસ્તે તળાવ ખોદકામની કામગીરીનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજવા સરોવર અને પ્રતાપપુરા સરોવર ઊંડું કરવા માટી ખોદકામની કામગીરીમાં પણ લોક ભાગીદારીનો અભિગમ અપનાવવામાં આવ્યો છે જે કોઈ વ્યક્તિને માટીની જરૂરિયાત હોય તેવાને માટીનો જથ્થો વિના મુજે આપવામાં આવશે. જે અંગેની મંજૂરી રાજ્ય સરકારના ખાણ ખનીજ વિભાગે તાજેતરમાં આપી દીધી હતી. વડોદરા પાસે દેણા ગામથી વિશ્વામિત્રી નદી વડોદરામાં પ્રવેશ કરે છે તે સ્થળે બફર તળાવ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૫ કરોડ લિટર પાણીનો જથ્થો સંગ્રહ કરી શકાશે. આ માટે પણ મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ કંપનીઓ પાસેથી સામાજિક સેવા માટે ફાળવવામાં આવતા સીએસઆર ફંડની માંગણી કરી હતી અને તે માંગણી કેટલી કંપનીએ સ્વીકારી છે. જેથી તળાવ ખોદકામનો ખર્ચ કોર્પોરેશનને ભોગવવાનો આવશે નહીં.

### ગૃહિણીઓ માટે સારા સમાચાર

## લાલ મરચાના ભાવમાં ૧૫ ટકાનો ઘટાડો, મસાલા સિઝન શરૂ થઈ

### ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મરચાના ભાવ ઘટ્યા છે ૧૦ થી ૧૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે

। (એજન્સી) જામનગર, તા.૨૫ ।

માર્ચ અને એપ્રિલ મહિનો એટલે ગૃહિણીઓ માટે આખા વર્ષનો ગરમ મસાલા ભરવાનો સમય. આ વર્ષે પણ બજારમાં બારે માસ ભરવા લાયક મરચા દળવાની સિઝન શરૂ થઈ ગઈ છે. જામનગરમાં રેશમપટ્ટો, કાશ્મીરી, તેજા મરચી સહિતની જુદી જુદી વેરાયટીના મસાલા ઉપલબ્ધ છે. પરંતુ સારી વાત એ છે કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મરચાના ભાવ ઘટ્યા છે.

૧૦ થી ૧૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. મરચાની જુદી જુદી વેરાયટીનું ઉત્પાદન થતાં ગત વર્ષ કરતાં આ વર્ષે કિલોએ ૫૦ રૂપિયા જેવો ઘટાડો થયાનું જામનગરના મસાલાના વેપારીઓએ જણાવ્યું હતું.જામનગરમાં છેલ્લા છ થી સાત વર્ષથી મરચાના વ્યવસાય સાથે સંકળાયેલા અફિદી ડાકોરના નામના યુવાને જણાવ્યું કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે લાલ મરચાના ભાવ ૧૫ ટકા જેટલા ઓછા છે. મરચાના પ્રકારની વાત કરીએ તો રેશમ પટ્ટો, વન્ડર, ગોલણ અગ્નિ, તીખામાં ખમામનું ઓરિજિનલ તેજા, કંટોલી આ ઉપરાંત ૧૦ થી ૧૨ પ્રકારની મરચી પણ છે. સાથે સાથે ગૃહિણીઓ સૌથી વધુ રેશમપટ્ટો અને કાશ્મીરી મરચીનો ઉપયોગ કરતા હોય છે.

જામનગરમાં મરચાની આવક ગોંડલ, આંધ્રપ્રદેશ અને ખમામથી આવે છે. મરચાના ભાવ ૨૫૦ રૂપિયાથી લઈ ૭૦૦ થી ૮૦૦ રૂપિયા કિલોના ભાવે વેચાઈ રહ્યું છે. સાથે કાશ્મીરી મરચું ૬૦૦ રૂપિયાથી લઈ ૭૦૦ રૂપિયા સુધી કિલો વેચાય રહ્યું છે.વધુમાં જામનગરમાં કાશ્મીરી અને રેશમપટ્ટો મરચાની મોટી માંગ હોવાનું જણાવાયું છે. જોકે હળદર, ધાણા-જીરું સહિતના મસાલાના ભાવ ગત વર્ષ જેવા જ છે. વેપારીઓનું કહેવું છે કે, જામનગરમાં આવતું તીખું મરચું આંધ્રપ્રદેશથી આવે છે. જ્યારે હિંગ અફઘાનિસ્તાનના કાબુલમાંથી આવે છે. આ વર્ષે મરચા અને મરચાનું ઉત્પાદન સારું હોવાથી ભાવમાં પ્રમાણમાં ઘટાડો નોંધાય છે.

### સૂમસામ ખેતરમાં ઝૂંપડું બનાવીને ડ્રગ્સ વેચાઈ રહ્યું હતું

## સાવલીમાં ત્રણ કરોડથી વધુનું શંકાસ્પદ સિન્થેટિક ડ્રગ્સ મળી આવ્યું

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરાના સાવલીના મોકસીગામ બોર્ડર પરથી શંકાસ્પદ સિન્થેટિક ડ્રગ્સ મળી આવતા પોલીસે જપ્ત કર્યુ છે, પોલીસને મોટી માત્રામાં ડ્રગ્સ બનાવવાની મશીનરી અને કાચો માલ મળી આવતા કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતમાં મોટા પાયે ડ્રગ્સની દાણચોરી, ડ્રગ્સનું સેવન અને ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. વડોદરાના સાવલીના મોકસીગામ બોર્ડર પરથી શંકાસ્પદ સિન્થેટિક ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. સૂમસામ ખેતરમાં ઝૂંપડું બનાવીને ડ્રગ્સ વેચાઈ રહ્યું હતું. ત્યારબાદ, માહિતી મળતાં, ગ્રામીણ SOG ટીમે દરોડો પાડ્યો. જે દરમિયાન શંકાસ્પદ સિન્થેટિક ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસને ૩ કરોડ ૩૮ લાખનું ડ્રગ્સ મળી આવ્યું છે. જેમાં જગદીશ મહીડા અને પ્રેમચંદ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને ચિરાગ પટેલ, વિપુલસિંહ સહિત ૩ આરોપીઓ ફરાર થયા છે. પોલીસે ઘટનાસ્થળેથી મોટી માત્રામાં ડ્રગ બનાવવાની મશીનરી અને કાચો માલ જપ્ત કર્યો છે. ઉપરાંત, કરોડો રૂપિયાના શંકાસ્પદ ડ્રગ્સની શંકા છે. શંકાસ્પદ દવાઓનો જથ્થો ચકાસણી માટે FSL માં મોકલવામાં આવશે. પોલીસે એક વ્યક્તિની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે. આ પહેલા મોક્સિગામની એક ફેક્ટરીમાંથી ૧૨૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. ૫૦.૪૪૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૪ની ધરપકડ કરવામાં આવી છે.

### આધાર સાથે મોબાઈલ નંબર જોડવાનો અથવા અપડેટ કરવાનો વિકલ્પ પોસ્ટમેનના માધ્યમથી ઉપલબ્ધ : પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવ

## ઘરે બેઠાં પોસ્ટમેન દ્વારા મળશે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ, ખેડૂતોએ બેંક અથવા એટીએમ પર જવાની જરૂર નથી : પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ, તા.૨૫ ।

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ બિહારના ભાગલપુરમાં ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' યોજના નો બહુપ્રતીક્ષિત ૧૯ મો હપ્તો બહાર પાડ્યો ત્યારે ખેડૂતોએ અને તેમના પરિવારજનોમાં હર્ષ અને ઉત્સાહ છવાઈ ગયો. પ્રધાનમંત્રીએ એક ક્લિકથી ડીબીટી મારફતે દેશભરના ૨.૪૧ કરોડ મહિલાઓ સહિત ૯.૮ કરોડથી વધુ લાભાર્થી ખેડુતોના બેંક ખાતામાં સીધી રીતે ૨૨ હજાર કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરી. હવે લાભાર્થી ખેડૂત ઘરે બેસીને આ રકમ તાત્કાલિક મેળવી શકે છે.

આ સંબંધમાં માહિતી આપતા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્ર ના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ખેડૂતો પોતાના ખાતામાં જમા થયેલ ડીબીટી રકમ ઘરે બેસીને પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકના માધ્યમથી ઉપાડી શકે છે. આ માટે ખેડૂતોએ કોઈ બેંકની શાખા અથવા એટીએમ પર જવાની જરૂર નહીં પડે. દેશના કોઈ પણ બેંકમાં આવેલા મોબાઈલ અને આધાર લિંકડ ખાતા દ્વારા ઘરે બેસીને આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમના માધ્યમથી એક દિવસમાં રૂા.૧૦,૦૦૦/- સુધીની રકમ કાઢી શકાય છે. આ માટે ડાક વિભાગ દ્વારા કોઈ શુલ્ક નથી લાગતું. આ ઉપરાંત પોસ્ટ વિભાગ પીએમ કિસાન યોજનાનો લાભ મેળવતા ખેડૂતો માટે મોબાઈલ નંબરને આધાર સાથે જોડવા/અપડેટ કરવાની સુવિધા પણ પ્રદાન કરે છે. આ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક મારફતે ઈ-કેવાયસી પૂર્ણ કરવા માટે છે.






ઉલ્લેખનીય છે કે ખેડૂતોની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે ફેબ્રુઆરી ૨૦૧૯માં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની શરૂઆત કરવામાં આવી હતી. આ અંતર્ગત લાભાર્થી ખેડૂતને એક વર્ષમાં રૂા.૬,૦૦૦/-ની રકમ આપવામાં આવે છે. લાભાર્થી ખેડૂતને આ રકમ દર ૪ મહિનાના અંતરે ત્રણ હપ્તામાં બે-બે હજાર રૂપિયા કરીને તેમના ખાતામાં ડીબીટી દ્વારા ટ્રાન્સફર કરવામાં આવે છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે વર્તમાનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને રકમનું વિતરણ ડાકઘર અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. આ યોજનાઓમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ગંગા સ્વરૂપ યોજના, શિષ્યવૃત્તિ, નમો લક્ષ્મી શિષ્યવૃત્તિ યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગતા પેન્શન યોજના વગેરે સામેલ છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના અંતર્ગત, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકમાં ૧.૬૨ કરોડથી વધુ ખાતાઓમાં રૂા.૩૨૫૨ કરોડની રકમ જમા કરવામાં આવી છે. આ બેંકનો આ યોજનામાં ૧૪.૭%નો માર્કેટ શેર છે. આ કોઈપણ બેંકમાં જમા થતી બીજી સૌથી મોટી રકમ છે. આ સફળતા ખેડૂતોના હિતમાં સરકારના સતત પ્રયાસોને દર્શાવે છે, જેના પરિણામે તેમને આર્થિક સહાય મળી રહી છે અને તેમના આર્થિક સશક્તિકરણની દિશામાં મહત્વપૂર્ણ પગલાં ઉઠાવવામાં આવી રહ્યા છે. આ યોજનાનો લાભ લેવા માટે, તમારું બેંક ખાતું આધાર સાથે લિંક કરવું આવશ્યક છે. તેમજ, બેંક ખાતામાં ડીબીટી (ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર) વિકલ્પને પણ સક્રિય કરવું જરૂરી છે. જો તમે આ તમામ કાર્ય પૂરું કરી લીધું છે, તો તમે આ યોજના હેઠળ લાભ લઈ શકો છો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# IIT મદ્રાસના સહયોગથી નવા ટેસ્ટ ટ્રેક સાથે ભારતનું હાઇપરલૂપનું સ્વપ્ન આગળ વધે છે

## નવી પેઢીનું પરિવહનઃ હાયપરલૂપ ટેક્નોલોજી ભારતની મુસાફરીમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છે | ભારતે IIT મદ્રાસ ખાતે ટેસ્ટ ટ્રેક લોન્ચ કરીને હાઇપરલૂપ ટ્રાવેલ તરફ મોટું પગલું ભર્યું છે

| નવીદિલ્હી, તા.૨૫ |

IIT મદ્રાસે એશિયાની પ્રથમ વૈશ્વિક હાયપરલૂપ સ્પર્ધા ૨૦૨૫ નું આયોજન કર્યું હતું, જે સફળતા સાથે સમાપ્ત થઈ હતી. આ ઈવેન્ટમાં નવી અને ઝડપી ટ્રાવેલ ટેક્નોલોજીની પ્રગતિ દર્શાવવામાં આવી હતી. તે હાઈપરલૂપ ડેવલપમેન્ટમાં ભારતની સંડોવણીને ચિહ્નિત કરે છે, એક એવી ટેક્નોલોજી કે જેનો હેતુ હાઈ-સ્પીડ મુસાફરીના ભવિષ્યને બદલવાનો છે.

**રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો ઈનોવેશન તરફનો અભિગમ**

સમાપન સમારોહમાં, કેન્દ્રીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ વિડીયો કોલ દ્વારા જોડાયા હતા અને નવીનતાને પ્રોત્સાહન આપવા સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આ સ્પર્ધા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે મજબૂત ભાગીદારી બનાવવાના વિઝનનો એક ભાગ છે.

**સ્પર્ધાના મુખ્ય મુદ્દાઓઃ**

★ મુખ્ય પુરસ્કારોઃ સ્પર્ધામાં કેટલાક પુરસ્કારો આપવામાં આવ્યા હતા, જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન ટીમનો પુરસ્કાર ખાસ કરીને નોંધપાત્ર હતો. અન્ય પુરસ્કારોમાં બ્રેકિંગ અને ટ્રેક્શન સિસ્ટમ ડેમોન્સ્ટ્રેશન અને બેસ્ટ સબ-સિસ્ટમ (મિકેનિકલ) માટે આપવામાં આવેલી ટીમોને સમ્માનિત કરવામાં આવ્યો હતો.

★ અગ્રણી ઈનોવેશનઃ શ્રી વૈષ્ણવે સ્પર્ધામાં ભાગ લેનારા યુવા ઈનોવેટર્સની પ્રશંસા કરી અને કહ્યું કે તેમના કાર્યથી વિજ્ઞાન અને ઈજનેરીમાં ભારતની ક્ષમતામાં વધારો થયો છે. આનાથી હાયપરલૂપ જેવી નવી ટેક્નોલોજી અપનાવવામાં મદદ મળશે.

★ હાઈપરલૂપ ટેસ્ટ ટ્રેકઃ સ્પર્ધામાં IIT મદ્રાસ ખાતે ૪૨૨ મીટર લાંબો હાઈપરલૂપ ટેસ્ટ ટ્રેક દર્શાવવામાં આવ્યો હતો. આ અત્યાધુનિક સુવિધા ભારતીય રેલ્વે અને IIT મદ્રાસ વચ્ચેની મજબૂત ભાગીદારીનું પ્રતીક છે, અને હાઈપરલૂપ ટેક્નોલોજીના પરીક્ષણ માટે એક મહત્વપૂર્ણ સ્થાન છે.

**ભાવિ પરિવહન પ્રોજેક્ટ્સ પર ધ્યાન :**

રેલ્વે મંત્રીએ ભારતીય રેલ્વે અને IIT મદ્રાસના અન્ય એક આકર્ષક પ્રોજેક્ટ, વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ (VTOL) વાહનની પણ ચર્ચા કરી. આ પ્રોજેક્ટ શહેરો અને ગામડાઓમાં વધુ સારા અને ટકાઉ પરિવહન માટે ઉકેલો પ્રદાન કરશે. આ પ્રોજેક્ટને ભારતીય રેલવે દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

**હાયપરલૂપ ટેક્નોલોજીનું ભાવિ મહત્વઃ**

આ સ્પર્ધા ભારતની હાઈપરલૂપ ટેક્નોલોજીમાં સંભવિતતા અને દેશના ભાવિ પરિવહન નેટવર્ક માટેની યોજનાઓ દર્શાવે છે. હાયપરલૂપ સિસ્ટમ શહેરો વચ્ચે મુસાફરીના સમયમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરી શકે છે અને પરંપરાગત રેલ અને હવાઈ મુસાફરીનો વિકલ્પ બની શકે છે.

હાઈપરલૂપમાં હાઈ-સ્પીડ, લો-પ્રેશર પોડ્સનો સમાવેશ થાય છે જે ૧,૨૦૦ કિમી/કલાકની ઝડપે મુસાફરી કરી શકે છે અને મુખ્ય શહેરોને મિનિટોમાં જોડે છે.

**IT મદ્રાસ અને પરિવહનનું ભવિષ્યઃ**

શ્રી વૈષ્ણવે IIT મદ્રાસની ભૂમિકા પર પણ ભાર મૂક્યો, જે ભારતના 5G નેટવર્કની સફળતામાં નિર્ણાયક હતી. આ ભાગીદારી હાયપરલૂપ અને અન્ય ભાવિ પરિવહન ઉકેલોના વિકાસને વેગ આપશે.

**ભારતના પરિવહન નવીનતાઓ માટે ઉજ્જવળ ભવિષ્યઃ**

ભારત હાયપરલૂપ ટેસ્ટ ટ્રેક અને ચાલી રહેલ VTOL પ્રોજેક્ટ સાથે તેની યાત્રા શરૂ કરી રહ્યું છે. ભારતીય રેલ્વે અને IIT મદ્રાસ વચ્ચેનો સહયોગ આ નવીનતાઓને વાસ્તવિકતા બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આગામી વર્ષોમાં, ભારતની પરિવહન પ્રણાલીમાં ઝડપી ફેરફારો થશે.

---

**ન્યૂઝ બ્રિફ**

### જે રીતે કૃષ્ણથી કંસ ડરતો હતો એમ જ અખિલેશ યાદવથી લોકો ડરે છેઃ સપા નેતા

| (એજન્સી) લખનઉ, તા.૨૫ |

સમાજવાદી પાર્ટીના ધારાસભ્યના નિવેદનથી ઉત્તર પ્રદેશના રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. તેમણે કહ્યું, જે રીતે કૃષ્ણથી કંસ ડરતો હતો એમ જ અખિલેશ યાદવથી લોકો ડરે છે. તેમના આ નિવેદન પર ભાજપે પણ પલટવાર કર્યો હતો. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં વિપક્ષ નેતા અને સપા ધારાસભ્ય માતા પ્રસાદ પાંડેએ એક નિવેદન આપ્યું હતું. બજેટ સત્ર દરમિયાન તેમણે સીએમ યોગી આદિત્યનાથ પર સીધી રીતે ટિપ્પણી કરવાની ના પાડી હતી પરંતુ તેમણે આપેલા એક ઉદાહરણના કારણે રાજકીય માહોલ ગરમાયો છે. પાંડેએ કહ્યું, એક કંસ હતો. તેને એટલો બધો હતો કે કૃષ્ણ જન્મ લેશે તો હું ખતમ થઈ જઈશે.

### ઇઝરાયેલે ૨૦૦૨ પછી પ્રથમવાર વેસ્ટ બેન્કમાં ટેન્કો મોકલી

| (એજન્સી) જેનિન, તા.૨૫ |

ગાઝામાં યુદ્ધવિરામ ચાલુ હોવા છતાં ઇઝરાયેલે પેલેસ્ટાઈનના તેના કબજા હેઠળના વેસ્ટ બેન્કમાં ૨૦૦૨ પછી પ્રથમ વખત ટેન્કો મોકલી છે અને આગામી વર્ષ સુધીમાં આ વિસ્તારમાં સૈનિકો રાખવાની યોજના જાહેર કરી છે. કેટલીક ટેન્કો જેનિનમાં જતી જોવા મળી હતી. આ પ્રદેશ ઈઝરાયેલ સામેના સશસ્ત્ર સંઘર્ષનું લાંબા સમયનું કેન્દ્રબિંદુ રહ્યું છે. ઈઝરાયેલે જણાવ્યું હતું કે તે પેલેસ્ટિનિયન પ્રદેશ પર તેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવી રહ્યું છે અને આતંકવાદને ડામવા માટે પ્રતિબદ્ધ છે. ઈઝરાયેલે ૨૧ જાન્યુઆરીએ ઉત્તર વેસ્ટ બેન્કમાં વ્યાપક આક્રમણ શરૂ કર્યું હતું.

### રિલેશનશિપ બાદ લગ્ન ન થાય તો ગુનો ના ગણાયઃ હાઈકોર્ટ

| (એજન્સી) ભુવનેશ્વર, તા.૨૫ |

પોતાની સાથે નવ વર્ષ સુધી રિલેશનશિપમાં રહેલા પીએસઆઈ પર મહિલાએ બળાત્કારનો આરોપ લગાવ્યો હતો. ઓરિસ્સા હાઈકોર્ટે પોલીસ સબ ઈન્સ્પેક્ટર સામે નોંધાયેલી બળાત્કારની ફરિયાદને રદ કરવા હુકમ આપ્યો હતો. કોર્ટે નોંધ્યુ હતું કે, રિલેશનશિપના પગલે લગ્ન ન થાય તો વ્યક્તિને દુઃખ પહોંચી શકે છે, પરંતુ આ તેને અપરાધ ગણી શકાય નહીં. ઓરિસ્સા હાઈકોર્ટે પોતાના હુકમમાં ઠરાવ્યુ હતું કે, માત્ર લગ્નની ખાતરી મળી હોય તો જ મહિલા સમાગમ માટે તૈયાર થાય છે, તેવો વિચાર પુરાતન છે અને ન્યાયના સિદ્ધાંતથી વિપરિત છે. દરેક ભગ્ન સંબંધને રક્ષણ આપવાનું કે ફોજદારી કૃત્ય ગણવાનું કાયદામાં સ્વીકાર્ય નથી. પ્રસ્તુત કેસમાં અરજદાર અને ફરિયાદી વચ્ચે ૨૦૧૨ના વર્ષથી સંબંધ હતા. તેઓ બંને સક્ષમ અને પુખ્ત હતા. પોતાના નિર્ણય જાતે લેવાની અને ઈચ્છા મુજબ વર્તવાની ક્ષમતા તેમની પાસે હતી.

---

### સ્પીકર વિજેન્દ્ર ગુપ્તાએ આતિશી સહિત દરેકને હાંકી કાઢ્યા

# એલજીના સંબોધન વચ્ચે AAP ધારાસભ્યોએ હંગામો મચાવ્યો

## લેફ્ટનન્ટ ગવર્નરના સંબોધનની વચ્ચે જ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ હંગામો શરૂ કરી દીધો હતો

| (એજન્સી) નવીદિલ્હી,તા.૨૫ |

મંગળવારે દિલ્હી વિધાન સભાની કાર્યવાહી હંગામા સાથે શરૂ થઈ હતી. લેફ્ટનન્ટ ગવર્નરના સંબોધનની વચ્ચે જ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ હંગામો શરૂ કર્યો હતો. સ્પીકરે વિપક્ષના નેતા આતિશી સહિત હંગામો મચાવનારા તમામ ધારાસભ્યોને એક પછી એક હાંકી કાઢ્યા અને આખા દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા. એલજીએ પોતાના સંબોધનમાં કહ્યું કે સરકાર પાંચ મુખ્ય બાબતો પર કામ કરશે જેમાં યમુના, પ્રદૂષણ, ભ્રષ્ટાચાર મુક્ત શાસન, અનધિકૃત કોલોનીનું નિયમિતકરણ સામેલ છે.



લેફ્ટનન્ટ ગવર્નરના સંબોધન દરમિયાન ભાજપના ધારાસભ્યો 'મોદી-મોદી'ના નારા લગાવતા જોવા મળ્યા હતા. બીજી તરફ, ગૃહમાંથી હાંકી કાઢવામાં આવેલા AAP ધારાસભ્યો હાથમાં બાબા સાહેબ ભીમરાવ આંબેડકરનો ફોટો લઈને વિધાનસભાની બહાર વિરોધ કરતા જોવા મળ્યા હતા. મીડિયા સાથે વાત કરતા આતિશીએ કહ્યું કે ભાજપે સીએમ ઓફિસ અને મંત્રીઓના કાર્યાલયમાંથી બાબા સાહેબ ભીમરાવ આંબેડકરનો ફોટો હટાવીને તેની જગ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોટો લગાવી દીધો છે.તેણીએ કહ્યું, 'હું ભારતીય જનતા પાર્ટીને પૂછવા માંગુ છું કે શું વડાપ્રધાન મોદી બાબા સાહેબ કરતા પણ મોટા થઈ ગયા છે? આમ આદમી પાર્ટીએ આનો વિરોધ કર્યો હતો અને જ્યાં સુધી બાબા સાહેબની તસવીર તેની જગ્યાએ નહીં લગાવવામાં આવે ત્યાં સુધી અમે ગૃહથી લઈને શેરીઓમાં વિરોધ કરતા રહીશું.

---

### બિલ્ડિંગની છત પરથી કૂદી પડ્યો

# હૈદરાબાદના વિદ્યાર્થીએ IIT પટણામાં આત્મહત્યા કરી

## ઘટનાની જાણકારી મળ્યા બાદ સ્થાનિક પોલીસની ટીમ અને આઈઆઈટી ડાયરેક્ટર સહિત સમગ્ર ફેકલ્ટી ઘટના સ્થળે પહોંચી

| (એજન્સી) બિહાર,તા.૨૫ |

બિહારની રાજધાની પટનાના બિહટાના અમહરા સ્થિત આઈઆઈટી પટનાના કેમ્પસમાં આંધ્ર પ્રદેશના એક વિદ્યાર્થીએ બિલ્ડિંગની છતથી કૂદીને આત્મહત્યા કરી લીધી છે. ઘટના બાદથી આઈઆઈટી કેમ્પસમાં હોબાળો મચી ગયો. લોકોએ અફરા-તફરીમાં ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને ઉઠાવીને બિહટાના એનએસએમસીએચ હોસ્પિટલમાં દાખલ પણ કરાવ્યા. જ્યાં સારવાર દરમિયાન વિદ્યાર્થીનું મોત નીપજ્યું. જાણકારી અનુસાર ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની ઓળખ આઈઆઈટીના બીએસ મેથેમેટિક્સ અને કોમ્પ્યુટર સાયન્સ થર્ડ યરના વિદ્યાર્થી રાહુલ



લાવેરી તરીકે થઈ છે. વિદ્યાર્થી રાહુલ આંધ્ર પ્રદેશના હૈદરાબાદનો રહેવાસી છે. ઘટના બાદ કોલેજમાં હોબાળો મચી ગયો છે. ઘટનાની જાણકારી મળ્યા બાદ સ્થાનિક પોલીસની ટીમ અને આઈઆઈટી ડાયરેક્ટર સહિત સમગ્ર ફેકલ્ટી ઘટના સ્થળે પહોંચી. મળતી જાણકારી અનુસાર મંગળવારે આઈઆઈટી પટના કેમ્પસમાં એક બિલ્ડિંગની છતથી કૂદનાર વિદ્યાર્થી રાહુલ લાવરી છેલ્લા અમુક દિવસોથી તણાવમાં હતો. તે ત્યાં કોમ્પ્યુટર એન્ડ મેથેમેટિક્સ ડિપાર્ટમેન્ટમાં થર્ડ યરમાં અભ્યાસ કરી રહ્યો હતો. બિલ્ડિંગની છતથી કૂદ્યા પહેલા રાહુલે પોતાના હાથની નસ કાપી લીધી હતી. તે બાદ તે છત પર ગયો અને નીચે કૂદી ગયો. વિદ્યાર્થીના નીચે કૂદતાં જ ઘટના સ્થળે અફરાતફરી મચી ગઈ. સ્થાનિક લોકો તેને તાત્કાલિક સારવાર માટે બિહટાના એક પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયા અને દાખલ કર્યો. વિદ્યાર્થીએ સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા. આ ઘટનાને લઈને આઈઆઈટી તંત્રએ હજુ કંઈ પણ સ્પષ્ટ બોલવાથી ઈનકાર કર્યો છે.

---

### તિરુવનંતપુરમમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી

# વિદેશથી પરત ફરેલા યુવકે ગર્લફ્રેન્ડ સહિત પોતાના જ પરિવારના પાંચ સભ્યોને મોતને ઘાટ ઉતાર્યા

## જો કે તેમાંથી ૫ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા હતા જ્યારે આરોપીની માની હાલત ખૂબ જ ગંભીર હોવાનું કહેવાય છે

| (એજન્સી) કેરળ, તા.૨૫ |

કેરળની રાજધાની તિરુવનંતપુરમમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૨૩ વર્ષિય એક વ્યક્તિએ કેરલની રાજધાનીમાં પોલીસ સામે આત્મસમર્પણ કરી દીધું છે. તેણે પરિવારના પાંચ લોકો અને ગર્લફ્રેન્ડ સહિત છ લોકોની હત્યાની વાત કબૂલી છે. જો કે તેમાંથી ૫ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા હતા. જ્યારે આરોપીની માની હાલત ખૂબ જ ગંભીર હોવાનું કહેવાય છે. તેમની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. ૫ લોકોની ક્રૂર હત્યા પાછળનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના રવિવાર ઢળતી સાંજે લગભગ ૪ વાગ્યાની છે. પોલીસ સામે સરેન્ડર કરનારા આરોપીએ જણાવ્યું કે, પરિવારના સભ્યોની હત્યા કર્યા બાદ તેણે ઝેર ખાઈ લીધું. પોલીસે આરોપીને હોસ્પિટલમાં દાખલ કરાવ્યો છે. આરોપીની ઓળખાણ પેરુમલાના રહેવાસી અફાન તરીકે થઈ છે. અફાને કબૂલ કર્યું છે કે તેણે ત્રણ ઘરોમાં રહેતા છ લોકોને મારી નાખ્યા છે. આરોપીના દાવાની તપાસ કરવા ગયેલી પોલીસે જાણ્યું કે, ૩ ઘરોમાં છ પીડિત લોહીથી લથબથ હાલતમાં પડ્યા હતા. પોલીસે પહોંચતાની સાથે જ અફાનની માને બાદ કરતા તમામ લોકોએ દમ તોડી દીધો હતો. તેમની માતા શેમીની હાલત ગંભીર હતી. તેમને તિરુવનંતપુરમની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા. આરોપીએ કથિત રીતે પોતાની દાદી, નાનો ભાઈ અને અન્ય સંબંધીઓ સહિત પોતાના જ પરિવારના પાંચ સભ્યોની હત્યા કરી નાખી. મૃતકોની ઓળખ પણ થઈ છે. જેમાં દાદી સલમાબીબી, ૧૩ વર્ષિય ભાઈ અફસાન, તેના પિતાના ભાઈ લતીફ, લતીફની પત્ની, શાહિદા અને ગર્લફ્રેન્ડ ફરઝાનાની હત્યા કરી છે. આરોપી અફાન પોતાના પિતા સાથે વિદેશમાં રહેતો હતો. હાલમાં જ તે વિઝિટિંગ વીઝા પર પરત ફર્યો હતો. તેની માતાની કેન્સરની સારવાર ચાલી રહી હતી. પોલીસ હત્યાના કારણો જાણવાની કોશિશ કરી રહી છે.

---

### સુપ્રીમ કોર્ટે કહ્યું કે બાળ સાક્ષી 'સક્ષમ સાક્ષી' છે

# દીકરીની જુબાનીને આધારે કોર્ટે પિતાને ફટકારી આજીવન કેદ

## આ સાથે, કોર્ટે હાઇકોર્ટના નિર્ણયને ફગાવી દીધો અને એક વ્યક્તિને આપવામાં આવેલી આજીવન કેદની સજાને સમર્થન આપ્યું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બાળ સાક્ષી 'સક્ષમ સાક્ષી' છે અને તેના પુરાવાને સંપૂર્ણપણે નકારી શકાય નહીં. આ સાથે, કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને ફગાવી દીધો અને એક વ્યક્તિને આપવામાં આવેલી આજીવન કેદની સજાને સમર્થન આપ્યું. જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે જણાવ્યું હતું કે પુરાવા કાયદામાં સાક્ષી માટે કોઈ લઘુત્તમ વય મર્યાદા નથી અને બાળ સાક્ષી, જે જુબાની આપવા સક્ષમ જણાય છે, તેની જુબાની પુરાવા તરીકે સ્વીકાર્ય રહેશે. કોર્ટ એક મહિલાના હત્યા કેસની સુનાવણી કરી રહી હતી, જેને તેના પતિએ મારી નાખી હતી. કોર્ટે કહ્યું કે રેકોર્ડમાં એવું કઈ નથી જે એવું દર્શાવે છે કે પીડિતની દીકરી એક પ્રશિક્ષિત સાક્ષી હતી. બેન્ચે કહ્યું, "અદાલતોમાં ઘણીવાર એવા કિસ્સાઓ સામે આવે છે જ્યાં પતિ, તણાવપૂર્ણ વૈવાહિક સંબંધો અને પત્નીના ચારિત્ર્ય પર શંકાને કારણે, તેની હત્યા કરવાની હદ સુધી જાય છે." બેન્ચે કહ્યું કે આવા ગુનાઓ સામાન્ય રીતે ઘરની અંદર સંપૂર્ણ ગુપ્તતામાં કરવામાં આવે છે અને ફરિયાદ પક્ષ માટે પુરાવા રજૂ કરવા ખૂબ મુશ્કેલ બની જાય છે. કોર્ટે કહ્યું કે પુરાવા અધિનિયમની કલમ ૧૧૮ મુજબ, બાળ સાક્ષીના પુરાવા નોંધતા પહેલા, ગૌણ અદાલત દ્વારા પ્રારંભિક તપાસ હાથ ધરવી જોઈએ જેથી ખાતરી કરી શકાય કે સાક્ષી પુરાવા આપવાની પવિત્રતા અને તેને પૂછવામાં આવતા પ્રશ્નોના મહત્વને સમજવામાં સક્ષમ છે કે નહીં. જૂન ૨૦૧૦માં હાઈકોર્ટના ચુકાદાને પડકારતી મધ્યપ્રદેશ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો. ૨૦૦૩ માં, હાઈકોર્ટે એક મહિલાની હત્યાના આરોપી પુરુષને નિર્દોષ જાહેર કર્યો હતો. ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે પીડિતાની પુત્રી (જે ઘટના સમયે સાત વર્ષની હતી) જુબાની આપવા માટે સક્ષમ હોવાનું જાણવા મળ્યું હતું, પરંતુ તેની જુબાની "ખૂબ જ નબળી" લાગી, ખાસ કરીને પોલીસ સમક્ષ તેનું નિવેદન નોંધવામાં ૧૮ દિવસના વિલંબને ધ્યાનમાં લેતા.

---

### ઓનલાઈન સટ્ટાબાજીના વ્યસનથી એક યુવાનનો જીવ ગયો

# માતાએ સિલિન્ડર માટે આપેલા ૧૦૦૦ રૂપિયાએ પુત્રનો જીવ લીધો



| (એજન્સી) બિહાર, તા.૨૫ |


બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં ઓનલાઈન સટ્ટાબાજીના વ્યસનથી એક યુવાનનો જીવ ગયો. ૨૫ વર્ષીય રંજન કુમારે માદીપુર રામ રાજી રોડ પર પોતાના રૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. રવિવારે ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી ક્રિકેટ મેચ પર મુઝફ્ફરપુરના એક યુવકે દાવ લગાવ્યો હતો. જુગારમાં હાર બાદ તેણે સોમવારે આત્મહત્યા કરી લીધી. તેનો મૃતદેહ ઘરમાં ગમછાના ફંદા પર લટકતો મળી આવ્યો હતો. મૃતક રંજન દવાની દુકાનમાં કામ કરતો હતો. ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન ઓનલાઈન ગેમિંગ એપ પર પૈસા ગુમાવવાને કારણે તે તણાવમાં હતો. જ્યારે મૃતકની માતા નીલમ દેવી વાસણો ધોઈને ઘરે પરત ફર્યા, ત્યારે તેમણે તેમના પુત્રને ફાંસી પર લટકતો જોયો. તેણે દાતરડાથી ફાંસો કાપીને પોતાના દીકરાને નીચે ઉતાર્યો, પણ ત્યાં સુધીમાં તે મરી ગયો હતો. માહિતી મળતાં કાઝી મોહમ્મદપુર પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તપાસ બાદ પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લીધો હતો અને પોસ્ટમોર્ટમ માટે SKMCH મોકલી આપ્યો હતો. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, FSL ટીમને બોલાવવામાં આવી હતી. ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ યુવકની માતાએ ગેસ સિલિન્ડર માટે તેના દીકરાને ૧૦૦૦ રૂપિયા આપ્યા હતા. દીકરાને પૈસા આપ્યા પછી, તે કામ પર ગઈ. જ્યારે તે ઘરે પરત ફરી ત્યારે તેને તેના દીકરાનો મૃતદેહ ફાંસી પર લટકતો મળ્યો. મૃતક રંજન ગ્રેજ્યુએશનના છેલ્લા વર્ષનો વિદ્યાર્થી હતો. જોકે, હજુ સુધી એ જાણી શકાયું નથી કે યુવકે કેટલા પૈસાનો દાવ લગાવ્યો હતો. મૃતકની માતાએ જણાવ્યું કે રંજનને ઓનલાઈન સટ્ટો રમવાની આદત હતી. તે દુકાન જ્યાં તે કામ કરતો હતો. ત્યાંથી તે વારંવાર એડવાન્સ પૈસા લેતો હતો અને મેચો પર સટ્ટો રમતો હતો. રવિવારે, જ્યારે તેણે ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન સટ્ટાબાજી માટે દુકાનદાર પાસેથી એડવાન્સ માંગ્યું, ત્યારે તેણે ના પાડી દીધી. તેની માતાએ તેને ગેસ સિલિન્ડર લાવવા માટે ૧૦૦૦ રૂપિયા આપ્યા હતા. તેણે આ પૈસાથી ગેસ સિલિન્ડર ખરીદ્યો ન હતો. સટ્ટાબાજીમાં પૈસા રોક્યા હતા. મેચ દરમિયાન પૈસા ગુમાવ્યા બાદ રંજન આઘાતમાં હતો.


---

# દિલ્હીના દ્વારકામાં વ્યસ્ત રસ્તામાં આખી કાર સમાઈ ગઈ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

દિલ્હીના દ્વારકામાં સેક્ટર-૧૨માં કેએમ ચોક પાસે સોમવારે (૨૪ ફેબ્રુઆરી)ની રાત્રે અચાનક રસ્તા પર ભૂવો પડવાથી દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં એક કાર ભૂવામાં પડી ગઈ હતી. જોકે, સદનસીબે કાર સવારને વધુ ઈજા નથી થઈ. પરંતુ, આ ઘટનાને લઈને દિલ્હીના ખરાબ રસ્તા ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ રસ્તો પહેલાંથી જ કમજોર હતો અને વારંવાર ફરિયાદ કર્યા બાદ પણ તંત્ર દ્વારા કોઈ ધ્યાન નહોતું અપાતું. વરસાદના કારણે રોડ પહેલાંથી વધુ કમજોર થઈ ગયો હતો, જેનાથી આ અકસ્માત સર્જાયો હતો. લોકોએ આ અકસ્માતનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.






દિલ્હીના રસ્તાની હાલત લાંબા સમયથી ચિંતાનો વિષય છે. ગમે ત્યારે ભૂવા પડવા, પાણી ભરાઈ જવા જેવી સમસ્યા હવે સામાન્ય બની ગઈ છે. દ્વારકા, રોહિણી, લક્ષ્મી નગર, કારોલ બાગ સહિત અનેક વિસ્તારમાં રસ્તાની ખરાબ સ્થિતિના કારણે અવાર-નવાર આવી દુર્ઘટના બનતી રહે છે. થોડા સમય પહેલાં પણ PWD મંત્રી પરવેશ વર્માએ અધિકારીઓ સાથે અનેક મહત્ત્વપૂર્ણ વિકાસ પરિયોજનાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે રસ્તા બનાવવા અને રિપેરિંગના કામની પ્રગતિની સમીક્ષા કરી અધિકારીઓને કામમાં તેજી લાવવા માટે નિર્દેશ કર્યો હતો. મંત્રીએ એવા વિસ્તારને પ્રાથમિકતા આપવાનું કહ્યું છે, જ્યાં સૌથી વધારે ખાડા અને રસ્તા ખરાબ છે. વરસાદના કારણે દિલ્હીના રસ્તાની સ્થિતિ પહેલાંથી પણ વધારે ખરાબ થઈ ગઈ છે. પાણી ભરાવા અને કમજોર નિર્માણના કારણે અનેક જગ્યાએ રસ્તા પર ભુવા પડી ગયાં છે, જેનાથી અકસ્માતનું જોખમ વધી જાય છે. દ્વારકા સેક્ટર-૧૨ની ઘટના પણ આ જ સમસ્યાનું પરિણામ માનવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, જ્યાં સુધી PWD અને અન્ય સંબંધિત વિભાગ રસ્તાના નિર્માણમાં અને ગુણવત્તા પર ધ્યાન નહીં આપે, ત્યાં સુધી આ પ્રકારની ઘટનાઓ બનતી રહેશે. દિલ્હી સરકારે હાલમાં જ અનેક માર્ગ સુધારા પરિયોજનાની જાહેરાત કરી છે. પરંતુ, તેની કામગીરી ધીમી હોવાના કારણે લોકો પરેશાન છે.


## તંત્રી લેખ...

# પાકિસ્તાનમાં ફરી મોટો હુમલો

પાકિસ્તાનમાં ચીનના પ્રોજેક્ટને નિશાનો બનાવીને ફરી એકવાર હુમલો કરવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં ચીન દ્વારા સંચાલિક સૈંડક ખનન પ્રોજેક્ટ સાથે જોડાયેલા સામાનને લઈ જતા ૨૯ વાહનોના કાફલા પર હુમલો કરવામાં આવ્યો છે. બલૂચ બળવાખોરો દ્વારા મંગોછરના કલાતમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. બલૂચ બળવાખોરોએ ઈંઢ નો ઉપયોગ કરી સૌથી પહેલાં ૨૦ વાહનોના કાફલાને નિશાન બનાવ્યો હતો. પાકિસ્તાની સુરક્ષા દળ આ કાફલાની સુરક્ષામાં લાગેલું હતું. ઈંઢ વિસ્ફોટ બાદ બળવાખોરોએ ભારે ગોળીબાર પણ કર્યો હતો. આ હુમલાની જાણ થતાં ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પાકિસ્તાની સુરક્ષાદળ પહોંચી ગયા હતાં. શરૂઆતમાં આ મામલે ૮ સુરક્ષાકર્મીઓના ઘાયલ થવાની માહિતી સામે આવી હતી. જોકે, બાદમાં કલાતના ડેપ્યુટી સિક્યોરિટીએ પુષ્ટિ કરી કે, આ કાફલામાં ચીનનો કોઈ નાગરિક નહોતો.બલુચિસ્તાન પાકિસ્તાનનો સૌથી માટો ખનિજ પદાર્થોનો ભંડાર છે. આરોપ છે કે, ચીનની કંપનીઓ ખનન કરી બલુચિસ્તાનમાં સંસાધનોનું શોષણ કરી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે, ચીનની અનેક કંપની ૨૦૦૨થી અહીં ખનિજોનું માઈનિંગ કરી રહી છે. ચીનની કંપની આ નફાનો અડધો ભાગ પોતે રાખે છે અને ૪૮ ટકા ભાગ પાકિસ્તાનને આપે છે. તેમાંથી ફક્ત ૨ ટકા ભાગ બલુચિસ્તાનને મળે છે. જણાવી દઈએ કે, પાકિસ્તાનમાં ચીનના નાગરિકો પર છેલ્લાં અનેક વર્ષોથી હુમલા કરવામાં આવે છે. ગત વર્ષે ૬ ઓક્ટોબરે બલૂચ લિબરેશન આર્મીના બળવાખોરોએ કરેલાં બોમ્બ વિસ્ફોટમાં બે ચાઈનીઝ નાગરિકોના મોત થયા હતાં. જેનાથી પાકિસ્તાનમાં ચીનના નાગરિકોની સુરક્ષાને લઈને ચિંતા વધી હતી.

## ભગવાન શિવના અનેકવિધ નામ





**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

ભગવાન શિવને મોટા ભાગે આપણે બધાં શંકર, શંભુ, મહાદેવ, ભોળાનાથ, સદાશિવ વિગેરે નામોથી વધારે પ્રમાણમાં ઓળખીયે છીએ. પરંતુ એટલું કાફી નથી, આ ઉપરાંત ભગવાન શિવના બીજા અનેક નામો છે અને એ નામ કેવી રીતે પડ્યા એની માહિતી વાચકોને પીરસવી છે.

નટરાજ: ભગવાન શિવને નૃત્ય અતિ પ્રિય છે અને તે સારા નૃત્યકાર પણ છે. ભગવાન શિવનું તાંડવ નૃત્ય બહું વખણાયું હોવાથી, એમનું નામ નટરાજ પડેલ છે.

પીનાકપાણી/ પિનાકીન : શિવના ધનુષ બાણનું નામ પિનાક હોવાને કારણે એમનું નામ પિનાક પાણી કે પિનાકીન પડેલું છે.

પશુપતીનાથ : ભૂલોકના તમામ પશુઓ ઉપર એકસરખો જ પ્રેમભાવ રાખતા હોવાથી તેઓ પશપતિનાથ તરીકે ઓળખાય છે.

નીલકંઠ: સમુદ્ર મંથન કરતી વખતે જાતજાતના રત્નો અને કિંમતી ચીજ વસ્તુઓની સાથે સાથે કાલકુટ નામનો વિષનો કટોરો પણ નિકળ્યો તે વિષને શિવે પોતાનાં કંઠ (ગળામાં) રોકી લીધું આથી એમનો કંઠ નીલવર્ણનો થઈ ગયો. આ કારણે તે નીલકંઠ તરીકે જાણીતા થયા છે.

ભુજંગપતિ: પોતાનાં ગળા ફરતે સાપને આશરો આપ્યો હોવાથી તે ભુજંગપતિ તરીકે જાણીતા થયા છે.

શશાંક શેખર: કલંકિત ચંદ્રને પોતાની જટામાં સ્થાન આપ્યું હોવાથી શશાંક શેખર તરીકે ઓળખાય છે.

ધ્રૂજટી: ભગવાન શિવે તાંડવ નૃત્ય કર્યું તે વખતે આખી પૃથ્વીની ધરા ધ્રુજવા લાગી, તેથી ધ્રૂજટી તરીકે ઓળખાય છે.

રૂદ્ર કે રૂદ્રેશ: ભગવાન શિવ અતિ ક્રોધી અને ગુસ્સેલ સ્વભાવ ધરાવતા હોવાથી એમનું એક નામ રૂદ્ર કે રૂદ્રેશ પડેલ છે.

મૃત્યુંજય: મૃત્યું પર વિજય પ્રાપ્ત કર્યો હોવાથી તથા પૃથ્વીના સંહારક હોવાને કારણે એમનું એક નામ મૃત્યુંજય પડેલ છે. શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ મળે છે કે જે વ્યકિત મહા મૃત્યુંજયના સવા લાખ જાપ કરશે તો મૃતાત્માં સદગતિને પામશે.

મહેશ: સર્વ દેવો કરતાં જેની અધિક પૂજા થાય છે તથા બધાં દેવોમાં મહાન ગણાય છે તેથી મહેશ તરીકે ઓળખાય છે.

ત્રિલોચન/ત્રિનેત્ર: બે આંખ ઉપરાંત કપાળમાં ત્રીજું નેત્ર ધરાવતા હોવાથી ત્રિલોચન કે ત્રિનેત્ર તરીકે જાણીતાં છે.

ભગવાન શિવ બહું ભોળા છે અને એમને માત્ર દૂધ અને પાણી ચઢાવો તો પણ એ જલ્દીથી રીઝી જાય છે. ભગવાન શંકરને ત્રિદલ બિલિપત્ર અતિ પ્રિય છે.

શિવ હંમેશા લિંગ સ્વરૂપે જ પૂજાય છે. શિવ ભક્તોના રક્ષક અને તારણહાર છે. શિવ એટલાં ભોળા છે કે એમણે ભસ્માસુર, બાણાસુર, રાવણ તથા અન્ય અસુરોને પણ વરદાન આપેલા છે. ભગવાન શિવ જ એક એવા દેવ છે જેમનો સમગ્ર પરિવાર પૂજાય છે. એમની પત્ની પાર્વતિ ઉમિયા માતાજી તરીકે પૂજાય છે. એમનો મોટો પુત્ર કાર્તિકેય કાર્તિક સ્વામી તરીકે પૂજાય છે. ખાસ કરીને દક્ષિણ ભારતનાં લોકો કાર્તિકેય ને મૃગેન, મુરુગન, શનમુખ કે સુબ્રમન્યમ તરિકે ઓળખે છે. એમનાં નાના પુત્ર ગણેશજીની દરેક શુભ કાર્યમાં પૂજા થાય છે તથા ગણેશ ચતુર્થી ના ચૌદ દિવસ ગણપતિની પૂજાનું અદકેરું મહત્વ છે. એમની પુત્રી ઓખાના માનમાં ચૈત્ર મહિનામાં ઓખાહરણ વાંચવાનો મહિમા છે. ગણપતિના બે પત્નીઓ રિદ્ધિ અને સિદ્ધિ તરિકે પૂજાય છે તો ગણપતિના બે પુત્રો શુભ અને લાભ મંગળકારી છે અને ચોઘડિયામાં સ્થાન પામ્યાં છે. એમનું વાહન નંદી પણ વૃષભ તરીકે પૂજાય છે અને આજે પણ દરેક શિવ મંદિરોમાં પ્રથમ નંદીના દર્શન કર્યા પછીથી જ ભગવાન શંકરના દર્શન કરી શકાય છે. શિવનું નિવાસસ્થાન કૈલાશ માનસરોવર ગણાય છે. આમ ભગવાન શિવની લીલાની તો જેટલી વાતો લખીએ એટલી ઓછી છે.

" ફાની ઈસ દુનિયા મે શિવ કા હી ઉપકાર હૈ,
શિવ શક્તિ હૈ, શિવ ભક્તિ હૈ, શિવ મુકિત કા આધાર હૈ"

---

**અર્ધાંગિની સ્વરૂપ જગત જનની જગદંબા આદ્ય શક્તિ સતી દક્ષ યજ્ઞમાં સમાહિત થઈ પછી, હિમાચલની પુત્રી તરીકે પાર્વતીના જન્મની કથા છે**

# કાશ! કલ્યાણની વેક્સિન શોધાય તો શિવરાત્રી વપરાતા લાખો લિટર દૂધનો સાચો ઉપયોગ થાય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હિન્દુઓના પરમ પ્રિય ભગવાન એટલે ભોળાનાથ શિવશંકર, એમાં પણ નાગર ગૃહસ્થ ને ઘેર જન્મ થયો, એટલે ઈષ્ટદેવ તરીકે હાટકેશ્વર અને કુળદેવી તરીકે મા અંબાને પૂજ્યા, ઘરમાં માતા-પિતાએ પણ શિવ શંકરની ભક્તિને સ્વીકારી હોવાથી, નિત્ય તેના પાઠ અને પૂજાની પરંપરા રહી, તેઓ દ્વારા શિવલિંગ પર દૂધનો અભિષેક કરી કાયમ શુદ્ધ અને કલ્યાણકારી જ્ઞાનની માંગ રહેતી.**

આજે શિવરાત્રીનો તહેવાર છે, એટલે સૌને આ કલ્યાણકારી પર્વની હાર્દિક વધાઈ. આજે શિવાલયો ૐ નમ: શિવાય ના મંત્રોચ્ચારથી ગાજશે! પણ મૂળમાં ભગવાન શંકરને પ્રાર્થના કે,એ તેમના જીવનના ત્રણ મુખ્ય ગુણ આપણામાં પણ આવે એવું વરદાન આપે. પ્રથમ તો એ ભોળા પણું કે જે આપણાં સ્વભાવમાં આવી ગયેલા સ્વાર્થની લુચ્ચાઈ અને ચતુરાઈને કારણે આપણે ખોઈ ચૂક્યા છીએ, તે ભોળાપણું આપણામાં આવે. બીજો મહત્વનો ગુણ પક્ષપાત કરવો નહીં, આપણે જ્યાં લાભ હોય તેને પક્ષે નિવેદન કરવું ત્યાં સમજણનાં ત્રીજા નેત્રથી સ્વાર્થ દૂર થાય, અને ત્રીજું કલ્યાણ, સમસ્ત સચરાચર સૃષ્ટિ માટે આપણી અંદર કલ્યાણનો ભાવ ઉમટે. શંકરને આપણે ત્યાં અજન્મામાં માનવામાં આવ્યા છે. એટલે તેના જન્મ વિશે કે મૃત્યુ વિશે કોઈ જ વાત વેદ કે પુરાણોમાં ઉપલબ્ધ થતી નથી. અવતાર તરીકે વિષ્ણુના બધા અવતારોની કથા જુદા જુદા કારણોસર જન્મ થયો, અને કઈ રીતે તેનું મૃત્યુ થયું એની નોંધ પુરાણ શાસ્ત્રોમાં છે. પરંતુ સતયુગથી શંકર ને અજન્મા દર્શાવાય છે. તેમની અર્ધાંગિની સ્વરૂપ જગત જનની જગદંબા આધ્ય શક્તિ સતી દક્ષ યજ્ઞમાં સમાહિત થઈ પછી, હિમાચલની પુત્રી તરીકે પાર્વતીના જન્મની કથા છે. તો શિવરાત્રીનું મહાત્મ્ય શું છે? હિન્દુઓના પરમ પ્રિય ભગવાન એટલે ભોળાનાથ શિવશંકર. એમાં પણ નાગર ગૃહસ્થ ને ઘેર જન્મ થયો, એટલે ઈષ્ટદેવ તરીકે હાટકેશ્વર અને કુળદેવી તરીકે મા અંબાને પૂજ્યા. ઘરમાં માતા-પિતાએ પણ શિવ શંકરની ભક્તિને સ્વીકારી હોવાથી, નિત્ય તેના પાઠ અને પૂજાની પરંપરા રહી.તેઓ દ્વારા શિવલિંગ પર દૂધનો અભિષેક કરી કાયમ શુદ્ધ અને કલ્યાણકારી જ્ઞાનની માંગ રહેતી. આ મુખ્ય ભાવના નિત્ય જળવાઈ રહે એ માટે તેઓ સદા જાગૃત રહેતા, અને તેમનું જોઈ અમે પણ એ પગલે ચાલ્યા.જીવન માટે કાર્ય નહીં, કર્મ પણ નહીં, કેવળ કલ્યાણનો માર્ગ પસંદ કર્યો. કર્મ કે કાર્ય તો જીવ કદાચ પોતાના અને પરિવાર માટે પણ કરે, પરંતુ કલ્યાણ હંમેશા બીજાનું થાય, અને તે તો શિવનો એક મુખ્ય ગુણ છે. આમ તો દરેક મહિનાની વદ ચૌદશને શિવરાત્રી ગણવામાં આવે છે, પરંતુ મહા મહિનાની ચૌદસની રાત્રિને મહાશિવરાત્રી એવું નામ આપવામાં આવ્યું છે. એની સાથે ઘણી બધી વૈદિક પુરાણ કથાઓ જોડાયેલી છે. કહેવાય છે કે, દ્વાપર યુગની શરૂઆત મહા વદ ચૌદસ એટલે કે શિવરાત્રીના દિવસથી થઈ હતી તેથી તેનું મહાત્મય છે. સમુદ્ર મંથન સમયે હળાહળ વીષ જે દિવસે પ્રાપ્ત થયું અને ભગવાન શિવ શંકર એ હળાહળ વિષ પી લીધું, તે દિવસે મહા વદ ચૌદસ નો હતો, એટલે કે શિવરાત્રીનો દિવસ હતો. એક વખત પૃથ્વી પર મહાપ્રલય તોળાઈ રહ્યો હતો, અને મા



જગતજનની જગદંબા દેવ, દાનવ, અને માનવ, યક્ષ કિન્નર એમ પોતાના તમામ સંતાનો માટે વ્યથિત થઈ ગયાં, ત્યારે તેમણે વેદોક્ત વિધિ અનુસાર ભગવાન ભોળાનાથ નું પૂજન કર્યું, અને ભગવાને પ્રસન્ન થઈ તેમને કહ્યું કે મહા વદ ચૌદશ એટલેકે મહા શિવરાત્રીને દિવસે જે કોઈ મારું ધ્યાન કે પૂજન અર્ચન કરશે તેઓ આ પ્રલયમાંથી પોતાની જાતને બચાવી શકશે. બીજી એક કથા અનુસાર શિવરાત્રીનો એક દિવસ, શિવ નાં આરામનો દિવસ છે, એટલે કે એ એક પ્રહર એટલે આશરે ત્રણ કલાક નો ગાળો, તે કોઈ તમસને પણ સ્વીકારતા નથી, તેમજ કોઈ કલ્યાણને પણ સ્વીકારતા નથી. આથી સૃષ્ટિ પર નકારાત્મક ભાવ વધવાની સંભાવના વધી જાય છે, અને તેથી શિવ શંકર ને બિલ્વ ધતુરો વગેરે થી પૂજન કરી નકારાત્મકતા ઘટાડવામાં આવે છે. વૈદિક કથા જે હોય તે પરંતુ શિવ શંકર નું અસ્તિત્વ આજ સુધી આપણાં કલ્યાણ માટે જ કાયમી હોય તેવું નથી લાગતું!! શિવ શંકરને આરાધીએ તો જન્મ-મૃત્યુના શાશ્વત સત્યને ઝડપથી સમજી શકાય છે, અને મૃત્યુના ડરથી પણ મુક્ત થઈ શકાય છે. સીધી સાદી નામ મંત્ર સાધના કરવાથી, પણ જે પ્રસન્ન થાય અને આપણા દરેક કાર્ય પાર પાડે છે, એવા ભગવાન ભોળાનાથ આપણા સૌના સદા પ્રિય રહ્યા છે, એનું કારણ તેને પણ સંસારી બતાવ્યા છે. સંકટ સમયે જેનું નામ મુખમાંથી તરત નીકળે, એવા સંકટમોચન હનુમાન પણ રુદ્રાવતાર તરીકે, આ ધરા પર વિષ્ણુ અવતાર તરીકે આવેલા શ્રીરામ ની મદદ માટે આવ્યાં, અને રાવણની લંકામાંથી માતા જાનકીની ભાળ મેળવવા કેવા કેવા શક્તિ વર્ધક કાર્ય કર્યા તે આપણે ક્યાં નથી જાણતા. લંકા પતિ રાવણ પણ શિવ શંકરનો પરમ ઉપાસક રહ્યો, અને તેણે શિવ તાંડવ સ્તોત્રની રચના પણ કરી. રાવણમાં ખૂબ શક્તિ સામર્થ્ય હતું, તે પરમ વિદ્વાન પણ હતાં. પરંતુ કલ્યાણની ભાવના ન હોવાથી તેનો આ રીતે નાશ થયો. દાનવ પોતે જેવા હોય એવા પ્રદર્શિત થાય છે, જ્યારે માનવની એક માનસિકતા એવી છે, કે તે મુખોટા પહેરીને પણ જીવી શકે, એટલે કે માનવના દેહમાં પણ દાનવ મળી આવે, અને એ માનવ કાયમ બીજાને કોઈ ને કોઈ રુપે નુકશાન કરવામાં માનનારો હોય છે. ઉપરાંત આપણી માનસિકતા એવી પણ રહી છે કે, ભોળા ભગવાનને પ્રસન્ન કરી અને આપણું ધાર્યું કામ કરાવી લેવું છે. પરંતુ એના તરફ કે તેના ચરિત્ર તરફ નજર કરી તેનો એકાદો ગુણ અપનાવવો એવું ક્યારેય વિચારતા નથી. નહીતો શિવ શંકરને સતયુગથી માનવ ભજતો આવ્યો છે, અને સતયુગમાં તો વર્ષો સુધી ધ્યાન અને તપની ભૂમિકા રહી. પરંતુ જ્યારે પણ ઈશ્વર પ્રસન્ન થાય, ત્યારે કોઈએ કોઈના કલ્યાણનું વરદાન માગ્યું હોય, એવું યાદ આવતું નથી. દરેકે દરેક પોતાના નીજી સ્વાર્થ અનુસાર વરદાન માગ્યા છે, અને ભોળા ભંડારી એ તે આપ્યા પણ છે. પરંતુ હવે બહુ થયું!! ક્યાં સુધી આપણે ઈશ્વરને આરાધીને આપણા માટે જ માંગીશું!! આ શિવરાત્રીથી નવી વિધા અનુસાર શિવ શંકરને આરાધીએ, અને કોઈપણ પ્રકારની માંગણી વગર નિષ્કામ ભક્તિ તેને ચરણે સમર્પિત કરી, સમસ્ત જગત માટે હળાહળ વીષ પીનાર આજના સમાજને જોઈ આશ્ચર્ય ચકિત છે ! આપણાં આંતર માનસમાં પ્રવેશી ગયેલ રાગ દ્વેષ માટે કલ્યાણનો ડોઝ પણ અપાતો હોત તો!! પરંતુ પોતે સંસારી હોવાથી આપણા સંસારીની મર્યાદા ને સમજી અને આજ સુધી સદાય આપણને માફ કરતો આવ્યો છે. કાળક્રમે પૂજાને નામે હવે પ્રપંચો વધી ગયાં, અને લોકો પોતાના લાભ માટે કે પછી કરેલા કર્મથી ડરીને, મંદિરોમાં ખૂબ દાન ધર્મ કરવાં લાગ્યાં છે. શિવરાત્રીના તહેવારે ભગવાન શંકર પર લાખો લિટર દૂધ અભિષેક રૂપે ચડશે, જે બિલકુલ વ્યાજબી વાત નથી. ભારતની વસ્તી વધું છે, અને તેનું આર્થિક તંત્ર એટલું મજબૂત નથી માટે દરેકને પ્રાથમિક જરૂરિયાત ન મળે અને એને કારણે ભારતમાં કુપોષણ એક બહુ મોટી સમસ્યા છે.આપણે સૌ વિચારીએ કે આ રીતે ધાર્મિક અંધશ્રદ્ધાને નામે કે અભિષેકને નામે ભગવાન શંકરના લિંગ પર ચડાવાતું દૂધ જો બચી જાય તો, કેટલાય ગરીબોના બાળકો દૂધનો સ્વાદ ચાખે. માત્ર શિવરાત્રીએ નહીં પણ ભગવાન શંકરને તો રોજ અભિષેક કરવામાં આવે છે. તો સ્થૂળ રૂપે ભલે કદાચ પાણીનો અભિષેક થાય, પરંતુ કોઈને એક કસલી દૂધ આપવાનો નિયમ લેવામાં આવે તો ઘણું મોટું કાર્ય થાય. સમાજમાં અસમાનતા છે, એવી મોટી મોટી વાતો કરવાથી કંઈ નહીં થાય. કાર્ય કરવું હશે તો આપણે જ ચરણને આચરણ તરફ લઈ જવા પડશે, અને અંતે પરમાત્મા તો પ્રેમ રૂપે બિરાજમાન છે, કોઈ પ્રત્યે આ રીતે પ્રેમ કે કરુણાનો ભાવ આવશે તો, એ પણ સામેથી ચાલીને આપણામાં નિવાસ કરશે. આપણે સૌ આપણી પરંપરાને જરૂર નિભાવીએ, પરંતુ એમાં થતાં અતિરેકને ટાળીને શિવ સંકલ્પ કરીએ કે સમસ્ત સચરાચર વિશ્વ માટે શુભ મંગલ અને કલ્યાણની ભાવના વધતી રહે. ૐ નમ શિવાય.

---

**મહાદેવજીના ત્રિનેત્ર સમાન-બ્રહ્મા વિષ્ણુ મહેશ સમાન મહાદેવને અર્પણ કરાય છે, બિલીપત્ર અર્પણ કરવાથી ધનની પ્રાપ્તિ થાય છે**

# મહાશિવરાત્રી મોક્ષકારી રાત્રી છે જેથી તેને નિર્ગુણ, નિરાકાર ઉપાસના રાત્રી પણ કહેવાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આપણા દેશમાં તો પચાસ ટકા લોકો પોતાના પાપ મહાકુંભમાં ધોઇ સ્વચ્છ બન્યા છે પચાસ ટકા લોકો કોઈ પાપ કર્યા નથી કે કરવાના નથી તેવી સ્થિતિ માં હવે પાપ થવાના જ નથી એટલે આપણે સદા શિવ ભગવાન ભોળાનાથ દેવોના દેવ મહાદેવ પૃથ્વીલોક પર શાંતિ સમૃદ્ધિની લહેર પ્રસરાવે તેવી પ્રાર્થના કરીએ કે હવે આ હવા સર્વત્ર ફેલાય..**

આજે હરહરભોલેના નાદથી શિવાલયોમાં અભિષેક આરાધનામાં શિવભક્તો તલ્લીન બનશે. બુધવારે મહાશિવરાત્રી એટલે શિવ પૂજન થશે. થરા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ જે સમસ્ત ભરવાડ ગૌપાલક સમાજની ગુરૂ ગાદીએ શિવરાત્રિનો મહિમા મેળો ભરાય છે' એક બિલવમ શિવા પર્ણમ' બમ બમ ભોલેનો નાદ શિવાલયોમાં ગુંજી ઉઠશે: અભિષેક, લઘુરૂદ્ર, મહારૂદ્ર, જાપના ભવ્ય આયોજનો ભગવાન શિવ, ભોળાનાથએ દરેક વ્યકિતના પ્રિય ભગવાન છે. ભોળાનાથ એ એવા ભગવાન છે જે માત્ર અભિષેક દર્શન અને બિલ્વપત્ર થી જ રાજી થઈ જાય છે. બુધવારે સમગ્ર ભારતમાં મહાશિવરાત્રીની ઉજવણી થશે. આ દિવસે ભગવાન શિવના ભકતો શિવાલયોમાં શિવશંકરની પુજા અર્ચના કરશે. શિવલીંગ પર અભિષેક અને બિલ્વ પત્ર ચઢાવશે અને ભાંગનો પ્રસાદ ગ્રહણ કરશે. શિવ અને જીવનું મિલન એટલે મહા શિવરાત્રીનો મહાયોગ માનવામાં આવે છે તો બીજી તરફ પ્રયાગ રાજમાં મહાકુંભમાં દેશની અડધી જન સંખ્યાએ પાપ ધોવા પવિત્ર સ્નાન કરી ધન્યતા અનુભવી અને ભવનાથના મીની કુંભ અને પ્રયાગ રાજમાં મહાકુંભની સમાપ્તિ થશે. આ વર્ષે શિવરાત્રી બુધવાર હોવાથી વિશેષ મહત્વ ધરાવે છે. હિન્દુ પુરાણોમાં મહાશિવરાત્રી માટે કોઈ એક નહીં પણ અનેક કથાઓ છે. મહાશિવરાત્રી એ ભગવાન શિવ શિવલિંગરૂપે પ્રકટ થયા તેથી જ આ દિવસે શિવલીંગની ખાસ પુજા કરાય છે. શિવપુરાણ પ્રમાણે મહાશિવરાત્રી ના દિવસે શિવભકતો દ્વારા પુજા અર્ચના અને અભિષેક કરવામાં આવે છે. જો કે આખા વર્ષ દરમિયાન આવનારી ૧૨શિવરાત્રી ઓમાંથી મહાવદ ચૌદસની શિવરાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે. મહાદેવજીના ત્રિનેત્ર સમાન-બ્રહ્મા વિષ્ણુ મહેશ સમાન મહાદેવને અર્પણ કરાય છે.બિલીપત્ર અર્પણ કરવાથી ધનની પ્રાપ્તી થાય છે. આર્થિક સુખાકારીમાં વધારો થાય છે અને ઘરમાં શુભલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.બિલ્વપત્ર ચઢાવવાથી વાજેતૈય યજ્ઞ એટલે હજારો યજ્ઞ કર્યાનું પુણ્ય મળે છે. બિલ્વપત્ર ત્રણ,પાંચ સાતની સંખ્યામાં આવે છે. પાંચ અને સાત ની સંખ્યામાં મળે તો ચઢાવી અભિષેક કરી તેની દરરોજ પુજા કરવાની દરદ્રિતા આવતી નથી. બિલ્વના દર્શન કરવાથી જીવનના પાપો નષ્ટ થાય છે. બિલ્વપત્રનું ફળ બિલુ લક્ષ્મીદાયક છે. ઘરમાં બિલાનું ફળ રાખવુ શુભ છે. ભગવાન ભોળાનાથની આરાધના સાધના કરવાથી સઘળા, પાપ, તાપ, સંતાપ આધી વ્યાધી, ઉપાધિ દુર થાય છે. ભગવાન શંકર



**આજે શિવલિંગ અભિષેક રૂપે શિવરાત્રીના ચાર પ્રહરની વિગત જાણીએ આપણા હિન્દુ પંચાંગ પ્રમાણે સુર્યોદયથી દિવસ-વારની શરૂઆત થાય છે. આમ સુર્યોદયથી બીજા દિવસના સુર્યોદય સુધીની ૨૪ કલાકમાં ૮ પ્રહર આવે તેમાં દિવસના ચાર પ્રહર અને રાત્રીના ચાર પ્રહર શિવરાત્રીના દિવસે રાત્રીના ચાર પ્રહરની પુજાનું મહત્વ વધારે છે, જે દિવસ આથમ્યાથી શરૂ થાય છે. પ્રથમ પ્રહર સાંજે ૬:૫૦થી ૯:૫૪ કલાક સુધી, બીજો પ્રહર રાત્રી ૯:૫૪ થી ૧૨:૫૯ કલાક સુધી, ત્રીજો પ્રહર રાત્રે ૧૨:૫૯થી ૪:૦૨ કલાક સુધી, ચોથો પ્રહર રાત્રે ૪:૦૨ થી ૭:૦૬ કલાક સુધી નિશિથકાળ રાત્રે ૧૨:૩૪થી ૧:૨૨ શિવરાત્રીમાં ચાર પ્રહરની પુજા કરવામાં આવે છે. જેમાં પહોરમાં જળધારા કરી ચંદન ચોખા અને કમળ વડે પુજા કરવી બીજા પ્રહરમાં મહાદેવજી ને દુધ અને જળધારા કરી શ્રીફળ અને બિલીપત્ર અર્પણ કરવા, ત્રીજા પ્રહરમાં મહાદેવજીને જળધારા કરી ત્યારબાદ ઘઉં અને આંકડા ના પુષ્પ ચડાવવા, ચોથા પ્રહરમાં દુધ અને જળધારા કરી નૈવેદ્યમાં શાક તથા દાડમનું અર્ઘ આપવું સાથે અડદ કાંગથી પણ પુજન કરી શકાય નૈવેદ્યમાં દુધનું મિષ્ઠાન અર્પણ કરવું. આમ ચાર પ્રહરની પુજા કરવાથી ભકતોનું કલ્યાણ થાય છે. અત્રાધ મહા માંગલ્યપ્રદે માસોતમે માસે અમુક માસે, અમુક પક્ષે, અમુક તિથી, અમુક વાસરે એવું ગ્રહણમ વિશિષ્ટાયાં શુભ પુણ્ય તિથી અનેન (મારા મનના મનોરથની સફળતા અને સંકટોના નિવારણ માટે) ભગવાન સામ્બ સદા શિવ પ્રીત્યાર્થે રૂદ્રાભિષેક મહંકરિષ્યે. ત્યારબાદ ૐ નમઃ શિવાય મંત્રની એક માળા કરી અભિષેક કરવો.**

શકિત ના મહાપૂંજ છે માટે જ ભગવાન ભોલેનાથની પુજા, અર્ચના, આરાધના કરવાથી અંગ-અંગમાં અંજળ આભા ઉભરે છે.જીવન મંગલમય બને છે. ભગવાન મહાદેવ મૃત્યુંજયી છે અત: દરેક પ્રકારના અકસ્માત તથા અકાળ મૃત્યુનો ભય મહામૃત્યુંજય જાપ ત્ર્યંબકમ યજામહે સુગંધિપુષ્ટી વર્ધનમથી ટળે છે.ભગવાન શંભુ સૌભાગ્ય દાતા છે.મા પાર્વતી ઈચ્છિત વર દાતા છે તેમનું નિત્ય પુજન અર્ચન કરવાથી મનના મનોરથો પૂર્ણ થાય છે.આ ભોળા ભંડારીને ભાવ થી ભજેએ તુરંત રીઝે.આ અથૌડ દાની,આશુતોષ ને પ્રસન્ન કરવાનો પર્વ એટલે મહાશિવરાત્રી. મહાશિવરાત્રીએ વાસ્તવમાં રૂદ્રોત્સવ છે અને જન્મથી મૃત્યુ સુધીનો આ ઉત્સવ કહેવાય છે. આ દિવસે પશુપતિનાથે તાંડવ નૃત્ય કર્યું હતું માટે તેને પ્રલયકારી એટલે મોક્ષરાત્રી પણ કહેવાય છે. મહાશિવરાત્રી મોક્ષકારી રાત્રી છે જેથી તેને નિર્ગુણ, નિરાકાર ઉપાસના રાત્રી પણ કહેવાય છે. જયારે શિવનો સામાન્ય અર્થ થાય કલ્યાણ કરનાર,સદા સૌનુ કલ્યાણ કરે તે શિવ.શિવનો અન્ય અર્થ થાય 'શ' એટલે નિત્યસુખ 'ઈ' એટલે પુરૂષ અને 'વ' એટલે શકિત આ ત્રણેયનો ત્રિવેણી સંગમ એટલે શિવ. મહત્વનું છે કે સમગ્ર ભારતમાં બાર જયોતિર્લિંગ છે અને આ બાર જયોતિર્લિંગ તેની આગવી વિશેષતાઓ છે.કાશી વિશ્વનાથ જયોતિલિંગ એવી માન્યતા છે કે સંસારમાં પ્રલય આવશે તો પણ ભગવાન શિવનું આ સ્થાન અખંડિત રહેશે.સોમનાથ જયોતિ લિંગ એ ભારતનું જ નહીં પરંતુ વિશ્વનું પ્રથમ જ્યોતિર્લિંગ છે. શિવપુરાણ પ્રમાણે એવી માન્યતા છે કે ચંદ્રમાએ આ સ્થાન પર જ તપ કરી શ્રાપથી મુક્તિ મેળવી હતી મલ્લિકાર્જુનનું મહત્વ કૈલાશ પર્વત જેટલું છે. મહાકાલેશ્વર જયોતિર્લિંગ ઓમકારેશ્વર, કેદાર નાથ ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર બૈદ્યનાથ, નાગેશ્વર, રામેશ્વર, કૃષ્ણેશ્વર જયોતિર્લિંગ સાથે ભગવાન શિવ નો મહિમા જોડાયેલો છે. જીવ અને શિવને જોડતી આ મહાશિવ રાત્રીએ દરેક શિવાલયોમાં શિવનો અભિષેક રૂદ્રાભિષેક, મહારૂદ્ર, લઘુ રૂદ્રનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. ભગવાન ભોળેનાથને રીઝવવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે. આપણા દેશમાં તો પચાસ ટકા લોકો પોતાના પાપ મહાકુંભમાં ધોઈ સ્વરછ બન્યા છે પચાસ ટકા લોકો કોઈ પાપ કર્યા નથી કે કરવાના નથી તેવી સ્થિતિ માં હવે પાપ થવાના જ નથી એટલે આપણે સદા શિવ ભગવાન ભોળાનાથ દેવોના દેવ મહાદેવ પૃથ્વીલોક પર શાંતિ સમૃદ્ધિની લહેર પ્રસરાવે તેવી પ્રાર્થના કરીએ કે હવે આ હવા સર્વત્ર ફેલાય.. સૌને મહાશિવરાત્રીની શુભકામના પાઠવું છું જય ભોલે અસ્તુ.

# ‘પિન્ક’માં બચ્ચન અને તાપસી જેટલું મહત્ત્વ નહીં મળ્યાનો કિર્તિને અફસોસ

## કેહિમેશ રેશમિયાએ ‘બેડએસ રવિકુમાર’ના ડાયલોગમાં સાધારણ સુધારો કરવાની છૂટ પણ ના આપી



કિર્તિ કુલ્હરીની પહેલી ફિલ્મ ‘પિન્ક’ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. તે પછી કિર્તિએ સંખ્યાબંધ વેબ સિરીઝમાં કામ કરીને ઓળખ ઊભી કરી હતી. તાજેતરમાં રિલીઝ થયેલી ‘બેડએસ રવિકુમાર’માં હિમેશ રેશમિયા સાથે લીડ રોલમાં કિર્તિ છે. કિર્તિને એક દાયકાની સફરમાં ઘણું શીખવા મળ્યું છે. કરિયરની પહેલી ફિલ્મ ‘પિન્ક’થી ઓળખ મળી હોવાનું કિર્તિ સ્વીકારે છે, પરંતુ આ ફિલ્મના પ્રમોશન દરમિયાન અમિતાભ બચ્ચન અને તાપસી પન્નુ જેટલું મહત્ત્વ નહીં અપાયાનો તેનો અફસોસ છે. કિર્તિએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, શરૂઆતમાં ‘પિન્ક’ને તે ત્રણ યુવતીઓની સ્ટોરી સમજતી હતી. ઈન્ડસ્ટ્રીના ભેદભાવ અંગે સમજણ ન હતી, પરંતુ પ્રમોશન દરમિયાન મોટા સ્ટાર અને નાના સ્ટાર વચ્ચેનો ભેદ સમજાયો હતો. દરેક એક્ટર સમાન હોવાનું તેને લાગતું હતું, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં સ્ટેટસના આધારે મહત્ત્વ અપાતું હોવાનું તેને સમજાયું હતું. કિર્તિએ કહ્યું હતું કે, ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું ત્યારે અસમાનતાનો અણસાર આવી ગયો હતો, કારણ કે તેમાં માત્ર અમિતાભ બચ્ચન અને તાપસી પન્નુ પર ફોકસ થયું હતું. આ પહેલો ઝાટકો હતો, કારણ કે ફિલ્મમાં તેનું કામ પણ તાપસી જેટલું જ મહત્ત્વનું હતું. આ બાબતે ડાયરેક્ટર શૂજિત સરકાર સાથે વાત કરી તો તેમણે કહ્યું, આમાં ચિંતા જેવું નથી. એક વાર ફિલ્મ આવી જવા દો. પ્રમોશન સ્ટ્રેટેજીમાં તાપસીને ખૂબ મહત્ત્વ અપાયું હતું અને અમિતાભ બચ્ચનની બાજુમાં જ તેને પોઝિશન અપાઈ હતી. જેના કારણે ‘પિન્ક’ને તાપસીની ફિલ્મ તરીકે ઓળખ મળી હતી અને લોકો તેને જ ‘પિન્ક’ ગર્લ કહેતા હતા. આ બધું પોતાની નજર સામે થઈ રહ્યું હતું અને કિર્તિ કશું કરી શકી ન હતી. ‘પિન્ક’માં બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ તરીકે કિર્તિ નોમિનેટ થઈ હતી, પરંતુ પોતાને સપોર્ટિંગ સ્ટાર કહેવાનું તેને પસંદ ન હતું. આખરે તેણે એવોર્ડ ફંક્શનમાં જ હાજરી આપી ન હતી. તાપસી માટે પણ મનમાં અણગમો થયો હોવાનું કિર્તિએ સ્વીકાર્યું હતું.

### સિંગલ વ્યક્તિને કોઈ તકલીફ નથી

# વાસ્તવિક જીવનમાં પ્રયણ ત્રિકોણ મજા નહીં, સજા છેઃ અર્જુન કપૂર

અજય દેવગન સાથે મલ્ટિસ્ટાર ફિલ્મ સિંઘમ અગેઈનમાં ખૂંખાર વિલન ડેન્જર લંકાના રોલ પછી અર્જુન કપૂર રોમેન્ટિક કોમેડી સાથે મોટા પડદે આગમન કરી રહ્યો છે. રકુલ પ્રીત અને ભૂમિ પેડનેકર સાથે અર્જુન કપૂરની આગામી ફિલ્મ મેરે હસબન્ડ કી બીવી શુક્રવારે રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં અર્જુન કપૂરે પ્રણય ત્રિકોણમાં અટવાયેલા પતિનો રોલ કર્યો છે. ફિલ્મની સ્ટોરીમાં આ સ્થિતિ રમૂજી લાગે છે, પરંતુ વાસ્તવિક જીવનમાં પ્રણય ત્રિકોણને અર્જુન કપૂરે સજા સમાન ગણાવ્યો છે. ‘મેરે હસબન્ડ કી બીવી’માં અર્જુન કપૂર અને રકુલ પ્રીત સિંઘના લગ્નની તૈયારીઓ ચાલ રહી છે. દરમિયાન તેની પૂર્વ પત્ની ભૂમિ પેડનેકરને એમ્નેશિયાની બીમારી થાય છે, જેમાં તે ભૂતકાળ ભૂલવા માંડી છે. તેને અર્જુન કપૂર સાથે છૂટાછેડાની ઘટના સહિતની વાતો યાદ રહી નથી. આ સ્થિતિમાં અર્જુન અને રકુલે ભૂમિની મદદ કરવા પ્રયાસ શરૂ કર્યા છે, પરંતુ તેના કારણે ત્રણેયના જીવનમાં મોટી ઊથલ-પાથલ આવે છે. અર્જુન કપૂરે કહ્યું હતું કે, આ સિચ્યુએશનમાં બિચારા સાથે જે થયું છે અને યાદશક્તિ ગુમાવી દેતાં તેનો ભૂતકાળ પાછો ફર્યો છે, તે જોવાની પડદા પર મજા આવે છે. વાસ્તવિક જીવનમાં કોઈ આવી સ્થિતિમાં ફસાયુ હોય તો હાલત ખરાબ થઈ જાય છે. બંને બાજુ સાચવવાની પળોજણમાં વ્યક્તિ ખૂબ હેરાન થાય છે. આ સ્થિતિ સારી નથી. આ પરિસ્થિતિમાં વ્યક્તિની લાગણીઓ દુભાવાનું નિશ્ચિત છે. કોઈ વ્યક્તિ સિંગલ હોય તો પરિસ્થિત સાવ અલગ છે. કોઈની સાથે રિલેશનશિપમાં હોય તો સ્થિતિ અલગ રહે છે. સિંગલ વ્યક્તિને મજા આવી શકે, રિલેશનશિપમાં હેરાન થવું પડે છે.




### ‘મેરે હસબન્ડ કી બીવી’ ની શરૂઆત ખૂબ જ નીરસ રહી

# ‘મેરે હસબન્ડ કી બીવી’ પહેલા જ દિવસે ધડામ

અર્જુન કપૂરની ફિલ્મ ‘મેરે હસબન્ડ કી બીવી’ ની બોક્સ ઓફિસ પર ખૂબ જ ઠંડી શરૂઆત થઈ છે. ફિલ્મ પહેલા જ દિવસે ઉંધા માથે પટકાઈ હતી.સિંઘમ અગેનમાં વિલનની ભૂમિકા ભજવ્યા બાદ, અર્જુન કપૂરે રોમેન્ટિક કોમેડી ‘મેરે હસબન્ડ કી બીવી’ સાથે મોટા પડદા પર વાપસી કરી છે. આ ફિલ્મ પ્રેમ ત્રિકોણ પર આધારિત શ્રેષ્ઠ છે. આ ફિલ્મમાં અર્જુન સાથે ભૂમિ પેડનેકર અને રકુલ પ્રીત સિંહે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ફિલ્મની રિલીઝ પહેલા, સ્ટાર કાસ્ટે તેનું જોરશોરથી પ્રમોશન કર્યું હતું પરંતુ તેની શરૂઆત થોડી નબળી રહી.મુદસ્સર અઝીઝ દિગ્દર્શિત ફિલ્મ ‘મેરે હસબન્ડ કી બીવી’ આ શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. અર્જુન કપૂર અભિનીત આ રોમેન્ટિક-કોમેડી ફિલ્મને વિવેચકો તરફથી સારી સમીક્ષા મળી છે પરંતુ બોક્સ ઓફિસ પર તેની શરૂઆત નિરાશાજનક રહી છે. આનું એક કારણ એ છે કે ‘મેરે હસબન્ડ કી બીવી’ ને વિકી કૌશલની ‘છાવા’ સાથે સ્પર્ધા કરવી પડી હતી. એક અઠવાડિયા જૂનો ‘છાવા’ બોક્સ ઓફિસ પર રાજ કરી રહ્યો છે. અહીં, વિક્કીની ફિલ્મે ૮મા દિવસે પણ ભારે કમાણી કરી છે. જ્યારે ‘મેરે હસબન્ડ કી બીવી’ રિલીઝના પહેલા દિવસે ૨ કરોડ રૂપિયા પણ કમાઈ શકી નથી. શરૂઆતના ટ્રેન્ડ રિપોર્ટ મુજબ, ‘મેરે હસબન્ડ કી બીવી’ એ તેની રિલીઝના પહેલા દિવસે માત્ર ૧.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે.‘મેરે હસબન્ડ કી બીવી’ ની શરૂઆત ખૂબ જ નીરસ રહી છે. આ ફિલ્મ છાવા તરફથી પણ સખત સ્પર્ધાનો સામનો કરી રહી છે. જોકે, નિર્માતાઓને આશા છે કે સપ્તાહના અંતે ફિલ્મની કમાણી વધશે. નોંધનીય છે કે ‘મેરે હસબન્ડ કી બીવી’ ૬૦ કરોડ રૂપિયાના બજેટમાં બનાવવામાં આવી છે. જો ફિલ્મ સપ્તાહના અંતે સારું પ્રદર્શન નહીં કરે, તો તેના માટે તેનું બજેટ પાછું મેળવવું મુશ્કેલ બનશે. હાલ તો એ જોવાનું બાકી છે કે આ ફિલ્મ સપ્તાહના અંતે કેવું પ્રદર્શન કરે છે.




### સલમાન ખાનની આ ફિલ્મને ઈદ ૨૦૨૫ પર રિલીઝ કરાશે

# ‘સિકંદર’માં સલમાને જેકલીનની નકલ કરી?

### પાંચ વર્ષ પહેલાં રિલીઝ થયેલી ‘મિસીસ સિરિયલ કિલર’-‘સિકંદર’ના પોસ્ટરમાં સમાનતા દેખાઈ

સલમાન ખાનની બિગ બજેટ ફિલ્મ ‘સિકંદર’ આ વર્ષે ઈદ પર રિલીઝ થઈ રહી છે. સાજિદ નડિયાદવાલા આ ફિલ્મને પ્રોડ્યુસ કરી રહ્યા છે. મંગળવારે સાજિદના જન્મદિન નિમિત્તે સલમાન ખાનની આ ફિલ્મનું પોસ્ટર શેર થયું હતું. આ પોસ્ટરને જોઈ ઘણાં બધાને સલમાને નકલ કરી હોવાનું લાગ્યું છે. સલમાનની ક્લોઝ ફ્રેન્ડ જેકલીનની ૨૦૨૦માં રિલીઝ થયેલી ‘મિસીસ સિરિયલ કિલર’ના પોસ્ટરની સીધી ઊઠાંતરી થઈ હોય તેવું નેટિઝન્સને લાગી રહ્યું છે. પાંચ વર્ષ જૂની જેકલીની ફિલ્મ અને સલમાનની આગમી ફિલ્મ વચ્ચે ઊડીને આંખે વળગે તેવી સમાનતાએ ફિલ્મ રસિકોમાં હલચલ ઊભી કરી છે. બોલિવૂડના ક્રિટિક્સ માટે ‘સિકંદર’નું પોસ્ટર નવી તક લઈને આવ્યું છે. સોશિયલ મીડિયા પર ઘણાં લોકોએ બોલિવૂડને કોપીવૂડ ગણાવ્યું છે. ‘સિકંદર’ના પોસ્ટરમાં સલમાન ખાનના હાથમાં ધારદાર હથિયાર છે અને તે નિશાન સાધવાની તૈયારી સાથે ટાંપીને ઊભેલો જણાય છે. જેકલીનની ‘મિસીસ સિરિયલ કિલર’ના પોસ્ટર સાથે ઘણી સમાનતા જોવા મળી છે. ૨૦૨૦માં રિલીઝ થયેલી આ ફિલ્મના પ ોસ્ટરમાં જેકલીનના હાથમાં ધારદાર વસ્તુ હતી અને તે પણ હુમલો કરવાની પોઝિશનમાં ઊભી હોય તેમ જણાતુ હતું. આ બંને ફિલ્મના પોસ્ટર વચ્ચે રહેલી સમાનતાએ સોશિયલ મીડિયા યુઝર્સને સલમાન ખાન પર તૂટી પડવાની તક આપી હતી. જેકલીનની ફિલ્મ તો બોક્સઓફિસ પર ખાસ ચાલી ન હતી. હવે સલમાનની આ નકલવાળી ફિલ્મ કેટલી ચાલે છે તે જોવું રહ્યું, તેવી કોમેન્ટ્સ થઈ હતી. સલમાનની સર્જનાત્મકતા કેટલી હદે ઘટી ગઈ છે, કે તેણે જેકલીનની નકલ કરવી પડી? તેવું આશ્ચર્ય પણ વ્યક્ત થયુ હતું. ઓરિજિનાલિટી કે પ્રયાસ વગર સ્ટારડમ જાળવી રાખવાનું સલમાન માટે અઘરું હોવાનું ઘણાને લાગ્યું હતું. સલમાન ખાનની આ ફિલ્મને ઈદ ૨૦૨૫ પર રિલીઝ કરાશે. ગજની જેવી હિટ ફિલ્મો આપનારા ડાયરેક્ટર એ.મુરગોદાસે તેનું ડાયરેક્શન કર્યું છે. ફિલ્મમાં સલમાનની સાથે કાજલ અગ્રવાલ અને રશ્મિકા મંદાના પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મના પ્લોટ અંગે કોઈ જાણકારી બહાર આવી નથી. કેટલાક લોકોના મતે અમિતાભ બચ્ચનની ‘સરકાર’ની નકલ કરવામાં આવી છે. જેકલીનની ‘મિસીસ સિરિયલ કિલર’ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી. તેને ફરાહ ખાને બનાવી હતી. આ ફિલ્મમાં જેકલીનના પતિ પર સિરિયલ કિલર હોવાનો આરોપ લાગે છે.




# ફોન સાથે રાખ્યા વગર 3 દિવસ મૌનમાં વીતાવ્યા

## સામંથાએ આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની સાથે પ્રોફેશનલ લાઈફ પણ જાળવી



સામંથા રૂથ પ્રભુએ અંગત જીવનના વિવાદો અને બીમારીના કારણે ઘણી તકલીફો વેઠેલી છે. તકલીફોનો સામનો કરીને મજબૂત બનેલી સામંથાએ કરિયર અને પર્સનલ લાઈફને નવું બળ આપવા આધ્યાત્મનો માર્ગ પસંદ કર્યો છે. સામંથા તાજેતરમાં પોતાનો મોબાઈલ સાથે રાખ્યા વગર ત્રણ દિવસ મૌન અને એકાંતમાં વીતાવ્યા હતા. સામંથાએ પોતાની આ આધ્યાત્મિક સફરને સોશિયલ મીડિયા પર શેર કરી હતી. સામંથા તામિલનાડુના કોઈમ્બતુર ખાતે એક આશ્રમમાં ગઈ હતી. સામંથાએ સુંદર હરિયાળીની વચ્ચે વીતાવેલા ત્રણ દિવસ અંગે કહ્યું હતું કે, ત્રણ દિવસ મૌનમાં વીતાવ્યા. ફોન નહીં, કોઈ કમ્યુનિકેશન નહીં. મારી કંપનીમાં હુંજ હતી. પોતાના અનુભવનો સાર વર્ણવતા સામંથાએ પોસ્ટમાં કહ્યું હતું કે, પોતાની જાત સાથે એકલા રહેવાનો અનુભવ સૌથી વધુ ડરામણો છે. મારે ફરીથી આવું કરવું જોઈએ? લાખો વખત આવો અનુભવ કરવો છે. તમારે પણ આ અનુભવ કરવો જ જોઈએ. સામંથાએ પોતાની લાગણી અને અનુભવો શેર કરવામાં ક્યારેય પાછી પાની કરી નથી. શારીરિક અને માનસિક તકલીફો અંગે પણ તેણે ખુલીને વાત કરેલી છે. ૨૦૧૭માં નાગા ચૈતન્ય સાથે લગ્ન બાદ ૨૦૨૧માં છૂટાછેડા થયા હતા. છૂટાછેડા બાદ તેને ઓટોઈમ્યુન ડીસીઝ માયોસિટીસનું નિદાન થયુ હતું. આરોગ્ય અને અંગત જીવનની બેવડી તકલીફો વચ્ચે સામંથાએ અલગ-અલગ સ્થળોનો પ્રવાસ ખેડ્યો હતો અને મજબૂત થઈને બહાર આવી હતી. સામંથાએ આ સમયગાળામાં ધ્યાન, મૌન અને એકાંતના મહત્ત્વનો અનુભવ કર્યો હતો. વરુણ ધવન સાથે વેબ સિરીઝ ‘સિટાડેલઃ હનીબની’ બાદ તેની આગામી સિરીઝ ‘રક્ત બ્રહ્માંડ’ છે. આ સિરીઝમાં તેની સાથે આદિત્ય રોય કપૂર લીડ રોલમાં છે. તેલુગુ ફિલ્મ ‘મા ઈન્તી બંગારામ’માં પણ સામંથા જોવા મળશે.

# ૨૦ વર્ષ જૂના કેસમાં આદિત્ય પંચોલી દોષિત

## મુંબઈ સેશન્સ કોર્ટે પણ તેમને દોષિત ઠેરવ્યા અને મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલી સજાને સમર્થન આપ્યું



બોલિવૂડ અભિનેતા આદિત્ય પંચોલી ઘણીવાર કોઈને કોઈ વિવાદને કારણે હેડલાઈન્સમાં રહે છે. પછી ભલે તે કોઈ સેલિબ્રિટી સાથે સંબંધિત હોય કે સામાન્ય જનતા સાથે. તાજેતરમાં, મુંબઈની એક સેશન્સ કોર્ટે ૨૦ વર્ષ જૂના કેસમાં અભિનેતાને દોષિત ઠેરવ્યા છે અને પોતાનો ચુકાદો પણ સંભળાવ્યો છે. આ કેસ ૨૦૦૫નો છે. જ્યારે તે તેના એક પાડોશી સાથે પાર્કિંગને લઈને ઝઘડો કર્યો અને તેને માર માર્યો. એ ઝપાઝપીમાં પાડોશીનું નાક ફ્રેક્ચર થઈ ગયું. આ પછી મામલો કોર્ટમાં પહોંચ્યો. જ્યાં આ અંગે લાંબી સુનાવણી બાદ, ૨૦૧૬માં, અંધેરીના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે તેમને દોષિત ઠેરવ્યા અને એક વર્ષની જેલની સજા ફટકારી. આ નિર્ણય સામે અભિનેતાએ ઉચ્ચ અદાલતમાં અરજી કરી. આ કેસ લગભગ ૮ વર્ષ સુધી ચાલ્યો અને આખરે શુક્રવારે કોર્ટે પોતાનો અંતિમ ચુકાદો આપ્યો. મુંબઈ સેશન્સ કોર્ટે પણ તેમને દોષિત ઠેરવ્યા અને મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલી સજાને સમર્થન આપ્યું.જોકે, તેમના સારા વર્તનને ધ્યાનમાં રાખીને, કોર્ટે તેમને સજામાંથી રાહત આપી અને બોન્ડ પર મુક્ત કરવાનો આદેશ આપ્યો. કોર્ટે ૫૯ વર્ષીય અભિનેતાને પીડિત પ્રતીક પશીનને ૧.૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે, જેથી તે ગુનેગારો માટે બનાવેલા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટનો લાભ લઈ શકે. નવેમ્બર ૨૦૧૬ માં, અંધેરી મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે પંચોલીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫ (ઈરાદાપૂર્વક ગંભીર ઈજા પહોંચાડવી) હેઠળ દોષિત ઠેરવ્યા હતા. જોકે, કોર્ટના આ નિર્ણયથી પંચોલીને મોટી રાહત મળી છે.

# ૪૦૦ કરોડમાં બનેલી ફિલ્મને માંડ ૧૩૧ કરોડ મળ્યા

## સાઉથના સુપરસ્ટાર રામચરન તેજા અને કિયારા અડવાણીની ‘ગેમ ચેન્જર’ પાસે ઘણી અપેક્ષા હતી



સાઉથના સુપરસ્ટાર રામચરન તેજા અને કિયારા અડવાણીની ‘ગેમ ચેન્જર’ પાસે ઘણી અપેક્ષા હતી. રામચરનની લોકપ્રિયતાને જોતાં સાઉથના માર્કેટમાં આ ફિલ્મને સારો રિસ્પોન્સ મળવાનો અંદાજ હતો, જ્યારે ઉત્તર ભારતમાં ફિલ્મની પબ્લિસિટી માટે વિશેષ પ્રયાસ થયા હતા. RRRની સફળતા પછી રામચરનની પહેલી સોલો ફિલ્મ આવી રહી હતી. ફિલ્મને અસરકારક બનાવવા માટે રૂ.૪૦૦ કરોડનું બજેટ રખાયુ હતું અને ગીતો પાછળ પણ ધૂમ ખર્ચ થયો હતો. એકંદરે સાઉથની સ્ટાઈલ મુજબ મસાલા ફિલ્મ બનાવવામાં આવી હતી. દરેકના આશ્ચર્ય વચ્ચે આ ફિલ્મનું બોક્સ કલેક્શન માત્ર રૂ.૧૩૧ કરોડમાં સમેટાઈ ગયું છે. ૨૦૨૫ની શરૂઆતમાં ‘ગેમ ચેન્જર’નું પ્રમોશન શરૂ થયું ત્યારે તેને હિટ ફિલ્મ ગણાવનારા લોકોની બોલતી બંધ થઈ ગઈ છે. શંકર જેવા જાણીતા ડાયરેક્ટર પણ ઓડિયન્સને સમજવામાં થાપ ખાઈ ગયા છે. રિલીઝના પહેલા દિવસે ‘ગેમ ચેન્જર’ને એકંદરે રૂ.૫૧ કરોડનું કલેક્શન મળ્યુ હતું. પાન ઈન્ડિયા ફિલ્મ તરીકે તેનું પ્રમોશન થયું હતું અને દરેક ભાષામાં આ ફિલ્મ ચાલવાનો અંદાજ હતો. જો કે રિલીઝના બીજા દિવસથી જ તેની પડતી શરૂ થઈ. બીજા દિવસે આ ફિલ્મે માત્ર રૂ.૨૧ કરોડનો બિઝનેસ કર્યો. રવિવાર આવતા સુધીમાં માત્ર ૧૬ કરોડ મળ્યો. એકંદરે આ ફિલ્મે ભારતમાં કુલ રૂ.૧૩૧ કરોડનો બિઝનેસ કર્યો અને તેમાંથી રૂ.૮૯ કરોડ માત્ર તેલુગુ વર્ઝનને મળ્યા હતા. દિલ્હી, મુંબઈ સહિત ઉત્તર ભારતમાં ‘ગેમ ચેન્જર’ના પ્રમોશન માટે જંગી ખર્ચ કરવા છતાં આ ફિલ્મને માત્ર રૂ.૩૨ કરોડ મળ્યા હતા. તમિલ ફિલ્મોમાં શંકરનું નામ મોટું છે. માનીતા ડાયરેક્ટર હોવા છતાં શંકરના પોતાના સ્ટેટમાં આ ફિલ્મને માત્ર રૂ.૮.૩૦ કરોડની આવક થઈ હતી.

# પીએમ મોદીએ વિકી કૌશલની છાવા વખાણી

## દેશના વડા પ્રધાને છાવ ફિલ્મની પ્રશંસા કરી અને મરાઠી ફિલ્મ ઉદ્યોગની પણ પ્રશંસા કરી



અખિલ ભારતીય મરાઠી સાહિત્ય પરિષદમાં, દેશના વડા પ્રધાને છાવ ફિલ્મની પ્રશંસા કરી અને મરાઠી ફિલ્મ ઉદ્યોગની પણ પ્રશંસા કરી.આ ફિલ્મ છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારિત છે, અને પીએમ મોદીએ તેના વિશે કહ્યું હતું, ‘‘આજકાલ, છાવા કી ધૂમ માચી હુઈ હૈ,’’ જે દર્શાવે છે કે ફિલ્મનો પ્રભાવ દેશભરમાં વધી રહ્યો છે.આ પરિષદમાં બોલતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, ‘‘મહારાષ્ટ્ર અને મુંબઈએ મરાઠી અને હિન્દી સિનેમાને નવી ઊંચાઈઓ આપી છે. અને આ દિવસોમાં ફિલ્મ ‘છાવા’ દેશભરમાં ધૂમ મચાવી રહી છે. સંભાજી મહારાજની બહાદુરીને શિવાજી સાવંતની મરાઠી નવલકથાથી પ્રેરિત સ્વરૂપમાં રજૂ કરવામાં આવી છે.’’‘‘છાવા’’ ફિલ્મ દિનેશ વિજનની મેડોક ફિલ્મ્સ દ્વારા નિર્મિત અને લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત છે. આ ફિલ્મમાં, વિક્કી કૌશલે છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવી છે, જ્યારે રશ્મિકા મંડન્નાએ યેસુબાઈ ભોસલેની ભૂમિકા ભજવી છે, અક્ષય ખન્નાએ ઔરંગઝેબની ભૂમિકા ભજવી છે, ડાયના પેન્ટીએ ઝિનાત-ઉન-નિસા બેગમની ભૂમિકા ભજવી છે, આશુતોષ રાણાએ હમ્બિરરાવ મોહિતેની ભૂમિકા ભજવી છે અને દિવ્યા દત્તાએ સોયરાબાઈની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ ૧૪ ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને તેને દર્શકો તરફથી ઘણી પ્રશંસા મળી છે. આ ફિલ્મે માત્ર દર્શકોના દિલ જ જીત્યા નથી, પરંતુ અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૩૧૦.૫ કરોડથી વધુની કમાણી પણ કરી છે.

### રાજસ્થાન રોડવેજની બ્રેક ફેઈલ થતાં મુસાફરો એ બુમાબુમ કરી મુકી

# ઝાલોદ નગરના યુવાનની આગવી સૂઝબુઝથી બસમાં બેસેલ અંદાજીત સિત્તેર જેટલા મુસાફરોની જાન બચાવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ નગરના કસ્બા વિસ્તારમાં રહેતો યુવાન ઝહીરખાન પઠાણ પોતાના અંગત કામે બાંસવાડા ગયેલ હતા પોતાનું કામકાજ પતાવી તેઓ બાંસવાડા થી પરત રાજસ્થાન રોડવેજ બાંસવાડા થી કુશલગઢમાં બેઠા હતા. ત્યારે તેમણે તેમના સાથી આવેલ વ્યક્તિને શીટ પર બેસાડી પોતે બસમા જગ્યા ન હોવાથી ઉભા રહી ગયેલ હતા. બડૌદીયા સુધી બસમા પેસેન્જરો ઉતર્યા અને નવા પેસેન્જર બેઠા પણ હતા. અંદાજીત ૫૫ શીટની વ્યવસ્થા વાળી પેસેન્જર વધુ હોવાથી બીજા પેસેન્જર ઉભા હતા જેથી અંદાજીત ૭૦ જેટલા પેસેન્જરો આ બસમા બેસેલ હોવાનો જાણવા મળેલ છે.

બડૌદીયા ગામથી બસ ઉપડતા આગળ વધતા કલીંજરા ગામ આવતા ડ્રાઈવર દ્વારા બ્રેક મારવાનો પ્રયાસ કરતા બ્રેક વાગી ન હતી તેમજ ડ્રાઈવર દ્વારા બૂમાબૂમ કરી બસની બ્રેક ફેઈલ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. બ્રેક ફેઈલ થઈ જવાનું પેસેન્જરોને સંભળાતા બસમા ચીસાચીસ થઈ ગયેલ હતી તેમજ બસનો ડ્રાઈવર પણ ડરી ગયેલ હતો તેવામાં ઝાલોદ નગરના યુવક દ્વારા તાત્કાલિક બસના સ્ટેંરીંગ પર બેસી બસના ડ્રાઈવરને હિંમત આપી અને બસ પર કંટ્રોલ કરી કોઈ પણ જાનહાનિ સર્જાયા વગર જેમતેમ કલીંજરા પાર કરી દીધેલ ત્યાર બાદ બસ આગળ વધતા હીરણ નદી તરફ વધવા લાગી હતી બસમા બેસેલ મુસાફરોના જીવ પડીકે બંધાઈ ગયેલ હતા. ત્યારે ઝાલોદના યુવાનની આગવી સૂઝબુઝથી એક માટીનો મોટો ટેકરો આવતા ઝાલોદના યુવાન દ્વારા તે ઢગલા પર બસ ચઢાવી દેતા બસ રોકાઈ ગઈ હતી અને બસમા બેસેલ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. બસ માંથી ઉતરતા વ્યક્તિઓ સહુ બચી જતાં સહુના જીવમાં જીવ આવ્યો હતો અને દરેક મુસાફરોએ ઝાલોદ નગરના યુવાનની નિર્ભય બની કરેલ કામગીરીની પ્રશંસા કરી હતી. બસની બ્રેક ફેઈલ થયેલ હોવાથી બસની હાલત જોઈ મોટા પ્રમાણમાં સ્થાનિકો બસ પાછળ દોડયા હતા અને બસ ઉભી રહેતા ત્યાં મોટા પ્રમાણમાં સ્થાનિકોની ભીડ ભેગી થઈ ગયેલ હતી.

### ઝાલોદ તાલુકાના લીમડી પોલિસ દ્વારા ખરવાણી ખાતે ભોંયરા માંથી વિદેશી દારૂ ઝડપી પાડયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

આગામી સમયમાં હોળીનો તહેવાર નજીક આવી રહેલ છે તેમજ લગ્નસરાની સિઝન પણ આવી રહેલ છે તેથી બુટલેગરો યેનકેન પ્રમાણે ગેરકાયદેસર રીતે ગાંધીના ગુજરાતમાં દારૂનો મોટો જથ્થો સંગ્રહ કરી તગડી કમાણી કરી લેવા માટે સજ્જ થયેલ છે. તહેવારોના ઉત્સવને લઈ ઝાલોદ તાલુકાની પોલિસ આવા બુટલેગરોને ડામવા સજ્જ થયેલ જોવા મળેલ છે. ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી પટેલના સીધા માર્ગદર્શન હેઠળ લીમડી નગરના પી.આઈ રાજપૂત દ્વારા આવા ગેરકાયદેસર કાર્ય કરતા બુટલેગરો પર દેખરેખ અને વોચ રાખી પકડી પાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવેલ હતા. તે અંતર્ગત લીમડી પોલિસ પટેલ ફળિયામાં ખરવાણી ગામે પેટ્રોલીંગમા હતા ત્યારે એક બાતમીના આધારે પાકા મકાનની બાજુમાં પતરા વાળા ઢાળીયા ભોંયરુ બનાવી તેમાં વિદેશી દારૂ સંતાડી રાખેલ હતો.

ઉપરોક્ત જગ્યાએ તપાસ કરતા વિદેશી દારૂ ઝડપાતા પકડાયેલ બંને આરોપીની પૂછપરછ કરતાં તેઓ દ્વારા આ માલ ટુકડે ટુકડે હોળીની સિઝન માટે મંગાવેલ હોવાનું કબુલ્યું હતું.પોલિસ દ્વારા કુલ ૧૪૪ પેટી વિદેશી દારૂ જેમાં ૩૦૦૮ નંગ બોટલ જેની અંદાજિત કિંમત ૫,૬૫,૨૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી લીમડી પોલિસ દ્વારા કાયદેસર રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### કમળાના કોઈપણ લક્ષણ દેખાય તો જાતે દવા ન લેતા તાત્કાલિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અનુરોધ

# પેટલાદ તાલુકાના ધર્મજ ગામે આરોગ્ય વિભાગની સઘન કામગીરીની સાથે પાણીના લીકેજીસ દૂર કરાતા પ્રતિદિન નોંધાતા કેસોમાં થયો ઘટાડો



। (માહિતી) આણંદ, તા.૨૫ ।

પેટલાદ તાલુકાના ધર્મજ ગામ ખાતે કમળાના કેસ મળી આવતા જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતીના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડોક્ટર પિયુષ પટેલ દ્વારા આરોગ્ય વિભાગની ૧૯ જેટલી ટીમો બનાવીને ડોર ટુ ડોર સર્વે કરી જરૂરી આરોગ્યલક્ષી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગની સઘન કામગીરીની સાથે પાણીના લીકેજીસ દૂર કરાતા પ્રતિદિન નોંધાતા કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. ડોક્ટર પિયુષ પટેલે જણાવ્યું કે ધર્મજ ગામ ખાતે અત્યાર સુધીમાં કુલ ૧૦૫ જેટલા કમળાના કેસ મળી આવ્યા છે, આજે મળેલા ૧૪ કેસ પૈકી ૦૧ દર્દીને દાખલ કરવામાં આવ્યા છે, તેની સામે ગતરોજ દાખલ કરવામાં આવેલ ૦૩ દર્દીઓને રજા આપવામાં આવી છે, અને હાલ ૨૪ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. ધર્મજ ગામ ખાતે ૨૨૬૮૯ જેટલી ક્લોરિન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે. ડો. પિયુષ પટેલના જણાવ્યા મુજબ કમળાના રોગમાં શરૂઆતમાં સામાન્ય તાવ આવવો, ઉલટી ઉબકા થવા, ભૂખ ન લાગવી, પેશાબ પીળો થવો જેવા લક્ષણો દેખાય છે, ત્યારે નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જરૂરી છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા આજે ગામના લોકોને અને પ્રાથમિક શાળાના બાળકોને કમળો ના થાય તે માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તેની વિગતો થી વાકેફ કર્યા હતા. એપેડેમિક ઓફિસર શ્રી ડોક્ટર રાજેશ પટેલ ધર્મજ ગામ ખાતે આરોગ્ય વિભાગની ૧૯ જેટલી ટીમો સાથે રાખીને કમળાના રોગ ઉપર નિયંત્રણ આવે તે માટે કામ કરી રહ્યા છે. જેમાં હાલ આંશિક ઘટાડો નોંધાયો છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા પાણીના લીકેજિસ શોધવાની કામગીરી અને ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. આ ટીમને મળેલા પાણીના ૩૩ જેટલા લીકેજીસ માંથી ૨૯ જેટલા લીકેજ દૂરસ્તીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

## શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કેરિયર એડવાન્સમેન્ટ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કેરિયર એડવાન્સમેન્ટ અંતર્ગત કેરિયર માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન થયું. જેમાં ડૉ. અજયભાઈ રાવલ અને શ્રી પ્રકાશભાઈ રબારી ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં ડૉ. વાય. પી. ઝાલા દ્વારા મહેમાનશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ડૉ. અજયભાઈ રાવલ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન પછી આગળ ભણવા માટે કયા કયા કોર્સ કરી શકાય તથા ક્યાં ક્યાં નોકરીની તકો રહેલી છે તે અંગે ઊંડાણ પૂર્વક માહિતી આપવામા આવી. તેમજ NEP ૨૦૨૦ની વિશેષતાઓ અંગે જાણકારી આપવામાં આવી. શ્રી પ્રકાશભાઈ રબારી દ્વારા વોકેશનલ કોર્સ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વાય. પી. ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

### મદાવાદ શહેર અને જિલ્લાના તમામ પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરા દ્વારા મોનિટરીંગ

# અમદાવાદ શહેરમાં ૯૨,૧૯૫ અને ગ્રામ્ય જિલ્લામાં ૭૩,૨૬૦ વિદ્યાર્થીઓ આપશે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા





। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

આગામી તારીખ ૨૭ ફેબ્રુઆરીથી રાજ્યમાં શરૂ થઈ રહેલી બોર્ડ પરીક્ષાઓ સંદર્ભે અમદાવાદ શહેર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા સંપૂર્ણ તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આ વર્ષે બોર્ડ પરીક્ષાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ના મળીને કુલ ૯૨,૧૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જ્યારે અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કુલ ૭૩,૨૬૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે.

અમદાવાદ શહેરમાં ધોરણ ૧૦માં ૫૪૬૧૬ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૯૭૨૬ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૮૫૩ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે.

એ જ રીતે, અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ધોરણ ૧૦માં ૪૬૦૨૦ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૧૮૪૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫૪૦૦ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે. ગેરરીતિ અટકાવવા અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા સંપન્ન થાય તે માટે અમદાવાદ શહેરમાં તમામ ૩૨૨ પરીક્ષા સ્થળો પર અને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તમામ ૨૪૫ પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરા દ્વારા પરીક્ષાઓનું મોનિટરીંગ કરવામાં આવશે.

અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના દરેક પરીક્ષા સ્થળ પર સીસીટીવીના સતત મોનીટરીંગ માટે અલગથી ‘સીસીટીવી મોનીટરીંગ સુપરવાઈઝર’ રાખવામાં આવ્યા છે.

અમદાવાદ શહેરમાં ૧૩૦ અને જિલ્લામાં ૫૨ દિવ્યાંગ પરીક્ષાર્થીઓ માટે લહિયાની વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ શહેરના પરીક્ષાર્થીઓ માટે સારથી હેલ્પલાઈન વ્હોટસએપ નંબર ૯૯૦૯૯૨૨૬૪૮ તથા જિલ્લા કંટ્રોલ નંબર ૦૭૯૨૭૯૧ ૨૯૬૬ જાહેર કરવામાં આવ્યો છે.

સાથે જ, ‘આત્મવિશ્વાસ પરીક્ષા પે ચર્ચા ‘અંર્તગત એસ.એસ.સી તથા એચ.એસ.સી વિષયોના પ્રશ્નોના સમાધાન તથા અન્ય મૂંઝવણો અંગે વિષય શિક્ષક તેમજ મનોચિકિત્સક દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. અમદાવાદ શહેરમાં આ વર્ષે સાબરમતી મધ્યસ્થ જેલના ૨૧ કેદીઓ ધોરણ ૧૦ની અને ૪૪ કેદીઓ ધોરણ ૧૨ની પરીક્ષા આપશે. અમદાવાદ ગ્રામ્ય કચેરી ખાતે પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે. અમદાવાદ ગ્રામ્યના ૦૮ એસ.વી.એસ. સેન્ટરમાં વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી મૂંઝવણ માટે માર્ગદર્શન મળી રહે તે માટે એસ.વી.એસ. કન્વીનરશ્રી સમગ્ર બોર્ડની પરીક્ષા દરમ્યાન કાઉન્સેલર તરીકે સેવાઓ આપશે. કન્ટ્રોલ રૂમનો ટેલીફોન નંબર ૦૭૯ ૨૭૯૧૩૨૬૪ છે.

સાથે જ, અમદાવાદ શહેર અને જિલ્લામાં વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાઓ સંપન્ન થાય તે માટે સ્ટ્રોંગ રૂમ, વીજ પુરવઠો, પરીક્ષા કેન્દ્રની નજીક આરોગ્ય સેવાઓ સહિત ટ્રાફિક પોલીસ સાથે પણ સંકલન કરીને વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

### પ્રશ્નોનો સંતોષકારક નિરાકરણ થતા સ્વાગત કાર્યક્રમ માટે લોકોએ સરકારને ધન્યવાદ પાઠવ્યા

# ઝાલોદ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં દાહોદ પ્રાંત અધિકારી એમ ડી દવેની અધ્યક્ષતામાં યોજાયો




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ મામલતદાર કચેરી ખાતે દાહોદ પ્રાંત અધિકારી એમ ડી દવે ના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ ખાતે આજે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં વર્ગ ૧ ના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

દાહોદ પ્રાંત અધિકારી એમ ડી દવેએ ઝાલોદ ખાતેની મામલતદાર કચેરીએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૦૭ અરજદારોના પ્રશ્નો સાંભળ્યા હતા. આ પ્રશ્નોનો પણ દાહોદ પ્રાંત અધિકારી દ્વારા સુખદ ઉકેલ લાવવામા આવ્યો હતો. જેમાં અરજદારોએ માછણ નાળાં સિંચાઈ યોજનાનું પાણી ન મળવા બાબત, ઝાલોદ વિશ્વકર્મા મંદિરની પાછળ આવેલ મુવાડા ગામ અને ઝાલોદ નગરને જોડતો બ્રિજ ન બનાવવા બાબત, પીવાનું પાણી નળ કનેક્શન પુરું પાડવા બાબત, રસ્તો ખુલ્લો કરી આપવા બાબત, દાહોદ ડેપોથી ખોડવા ચાલતી બસો સુથારવાસા સુધી લંબાવવા બાબત, નગર પાલિકા કરેલ કામગીરીના બિલનાં નાણાં આપવા બાબત., જંગલમાં બિન અધિકૃત રીતે પ્રવેશ કરી ખેડાણ કરી કબજો જમાવેલ રોકવા બાબત, સહિત અન્ય પ્રશ્નોની રજૂઆત કરી હતી. દાહોદ પ્રાંત અધિકારીએ અરજદારના પ્રશ્નોને સાંભળ્યા બાદ આ બાબતે સંબંધિત અધિકારીને જરૂરી સૂચનો આપ્યા હતા. અરજદારોના વિવિધ પ્રશ્નોનો સંતોષકારક નિવારણ મળતા તેમણે સરકારના સ્વાગત કાર્યક્રમ માટે સરકારને ધન્યવાદ પાઠવ્યા હતા. મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ “સ્વાગત” ની શરૂઆત તા.૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરાઈ હતી. જે અંતર્ગત આજે દાહોદ જિલ્લામાં યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોના પ્રશ્નોનું અધિકારીઓએ સંતોષજનક નિરાકરણ કર્યુ છે.

આ વેળા એ ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ઝાલોદ RFO, ના. કાર્ય ઈજનેર માછણ નાળાં અધિકારી, ઝાલોદ ડેપો મેનેજર, નાયબ મામલતદાર તેજસ અમલીયાર, ઝાલોદ નગરપાલિકા અધિકારીઓ, રેવન્યુ તલાટીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ-પ્રયાગરાજ અને અમદાવાદ-પટના એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં બદલાવ

। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનો ની સમયપાલનતામાં સુધારો કરવા માટે અમદાવાદ મંડળથી ચાલનારી અમદાવાદ-પ્રયાગરાજ એક્સપ્રેસ અને અમદાવાદ-પટના એક્સપ્રેસના પ્રસ્થાન સમય માં આગામી આદેશ સુધી બદલાવ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગત નીચે મુજબ છે:-

● ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ટ્રેન સંખ્યા ૨૨૯૬૭ અમદાવાદ-પ્રયાગરાજ એક્સપ્રેસ આગામી આદેશ સુધી અમદાવાદ થી તેના નિર્ધારિત પ્રસ્થાન સમય ૧૬:૩૦ કલાકના સ્થાન પર ૧૬:૩૫ કલાકે પ્રસ્થાન કરશે.

● ૦૨ માર્ચ ૨૦૨૫ થી ટ્રેન સંખ્યા ૧૯૪૨૧ અમદાવાદ-પટના એક્સપ્રેસ આગામી આદેશ સુધી અમદાવાદ થી તેના નિર્ધારિત પ્રસ્થાન સમય ૨૧:૪૦ કલાકના સ્થાન પર ૨૧:૫૦ કલાકે પ્રસ્થાન કરશે.

યાત્રી કૃપાકરીને ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
છટ્ઠદ્ધી તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જ્વળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે એવો દિવસ છે જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમારે તમારા સાથી પર ઈમોશનલ બ્લૅકમૅલનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. આજે તમે તમારા કામમાં પ્રગતિ જોઈ શકો એવી શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે કોઈ મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારે પોયની આવડત અને બુદ્ધિ બહુજ સમજી વિચારીને વાપરવી. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે, જેના કારણે તમે થોડા પરેશાન થઈ શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.

**તુલા (ર,ત) :**
કોઈ મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ છે. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે.

**ધન (ભ,ધ,ફ) :**
છેલ્લા ઘણા લાંબા સમયથી તમે જે અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

## નવ માસથી અંતરિક્ષમાં ફસાયેલી સુનિતા હોળી પછી પરત આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

છેલ્લા નવ મહિનાથી અંતરિક્ષમાં ફસાયેલા ભારતીય મૂળના અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ટૂંકમાં જ ધરતી પર રોમાંચક રીતે પરત ફરશે. નાસાના અધિકારીના અનુમાન પ્રમાણે બંને અંતરિક્ષ યાત્રીઓ હોળી પછી પૃથ્વી પર પરત ફરે તેવી આશા છે. આ માટે સ્પેસ સ્ટેશનમાં સુનિતા વિલિયમ્સએ તૈયારી પણ શરૂ કરી દીધી છે. સુનિતાએ ધરતી પર પરત ફરવા માટે એક રિળેશર સત્રમાં ભાગ લીધો હતો. તેઓ સ્પેસએક્સના ડ્રેગન યાન દ્વારા ધરતી પર પરત ફરશે. સુનીતા વિલિયમ્સે ક્રૂની સાથે કોમ્પ્યુટર પર રિએન્ટ્રી પ્રોસેસનો અભ્યાસ કર્યો, જેનાથી એ સુનિશ્ચિત થઈ શકે કે એ સ્પેસએક્સ ડ્રેગન ક્રૂ અંતિરક્ષયાન દ્વારા પૃથ્વીના વાયુમંડળમાં સુરક્ષિત પ્રવેશ કરવા માટે સંપૂર્ણ તૈયાર છે. ક્રૂ-૯ ટીમ, નાસાના સ્પેસએક્સ ક્રૂ-૧૦ મિશનના આઈએસઆઈએસ પર પહોંચવાના લગભગ એક સપ્તાહ પછી, ત્યાંથી અનડોક કરશે. ક્રૂ-૧૦ મિશન ૧૨મી માર્ચે ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ થવા માટે તૈયાર છે. આ મિશન અંતર્ગત નાસાના અંતરિક્ષ યાત્રી એની મેકલેન અને નિકોલ એયર્સ અને રશિયાની અંતરિક્ષ એજન્સી રોસ્કોસ્મોસના કોસ્મોનોટ કિરિલ પેસકોવ અને જાપાનની અંતરિક્ષ એજન્સી જાક્સાના અંતરિક્ષ યાત્રી તાકુયા ઓનિશીને આઈએસએસ પર મોકલાશે. આ ક્રૂ રોટેશન નાસાના નિરંતર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન(આઈએસએસ)ની ઉપસ્થિતિ જાળવી રાખવાના પ્રયાસનો હિસ્સો છે.

# ટ્રમ્પે USAIDના વિશ્વભરના કર્મચારીઓને રજા પર ઉતાર્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે USAIDના ફંડમાંથી ચાલતી સંખ્યાબંધ યોજનાઓ પર કાતર ફેરવ્યા બાદ હવે કર્મચારીઓ પર હકાલપટ્ટીની તલવાર ઉગામી છે. રવિવાર અમેરિકા સરકારે દુનિયાભરમાં પથરાયેલા USAID (યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ)ના ૧૬૦૦ કર્મચારીઓને પાણીચુ પકડાવી દીધું છે તથા મોટાભાગના કર્મચારીઓને રજા પર ઉતારી દીધા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને એલન મસ્કની જોડીએ અમેરિકામાં કોસ્ટ કટિંગને વધારે આક્રમક બનાવ્યું છે અને છેલ્લા છ દાયકાથી દુનિયાભરમાં પથરાયેલી USAIDને બંધ કરવાની દિશામાં મહત્ત્વનું પગલું ભર્યું છે.




USAIDમાં કાપની સરકારની યોજના પર કામચલાઉ રોક લગાવવા કર્મચારીઓએ અરજી કરી હતી, જેને ડિસ્ટ્રિક્ટ જજ કાર્લ નિકોલસે ફગાવી દીધી હતી. ફેડરલ જજે શુક્રવારે અમેરિકા તથા વિશ્વના અન્ય દેશોમાં ફેલાયેલા USAIDના કર્મચારીઓની હકાલપટ્ટી કરવા માટે સરકારને મંજૂરી આપ્યા બાદ સરકારે ત્વરિત ગતિએ તેનો અમલ કર્યો છે. અમેરિકાના સમય પ્રમાણે રવિવારે રજાના દિવસે ટ્રમ્પ સરકારે USAIDના સીધા કર્મચારીઓ, સરકારે નિયુક્ત કરેલા કર્મચારીઓ અને ટોચના પદ પર કામ કરતા કર્મચારીઓને વિશ્વભરમાં રજા પર ઉતારી દીધા છે. અમેરિકાએ USAIDના ૧૬૦૦ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવાની નોટિસ આપી હતી. સરકાર દ્વારા કુલ ૨૦૦૦ કર્મચારીઓની છટણી કરવાનું આયોજન છે. USAIDની વોશિંગ્ટન ખાતે આવેલી કચેરીના સ્ટાફને રજા પર ઉતારી દેવાયો છે અને તેમની પણ ટૂંક સમયમાં હકાલપટ્ટી થશે. USAIDના ડેપ્યુટી એડમિનિસ્ટ્રેટર પીટ મારોક્કોના જણાવ્ય મુજબ, USAIDની ઓફિસ હવે માત્ર અમેરિકામાં જ રખાશે અને અહીંયા ફક્ત ૬૦૦ કર્મચારી જ હશે. USAIDને કાયમી તાળા મારી દેવાની કવાયત છેલ્લા એક મહિનાથી ચાલી રહી છે. વોશિંગ્ટન ખાતે આવેલા વડામથક ઉપરાંત વિશ્વભરમાં ચાલતા USAIDના પ્રોજેક્ટ અટકાવી દેવાયા છે અને વિદેશમાં સહાય અટકાવી દેવાઈ છે. ટ્રમ્પ અને મસ્કે USAID પર લિબરલ પક્ષોના એજન્ડા ચલાવવાનો આરોપ મૂક્યો હતો અને આ સંસ્થાને સાવ નકામી ગણાવી હતી. સરકારના આ નિર્ણય સામે સરકારી કર્મચારી યુનિયનો અને USAID કોન્ટ્રાક્ટર્સ તથા અન્યોએ વિરોધ નોંધાવ્યો છે. અમેરિકી સંસદ (કોંગ્રેસ)ની મંજૂરીથી સ્વતંત્ર એજન્સી USAID દ્વારા કામગીરી હાથ ધરવામાં આવે છે અને તેથી સંસદની મંજૂરી વગર તેમાં કાપ મૂકવાની સરકારને સત્તા નહીં હોવાનો દાવો કર્મચારીઓએ કર્યો છે. કેલિફોર્નિયાની ફેડરલ કોર્ટમાં કર્મચારીઓએ એલન મસ્ક સામે કેસ કર્યો છે અને કોઈ કારણ વગર હકાલપટ્ટી થઈ હોવાનો આક્ષેપ લગાવ્યો છે. અમેરિકા દ્વારા વિશ્વના અન્ય દેશો સાથે વ્યાપારી તથા રાજકીય સંબંધો જાળવવા USAIDનો ઉપયોગ થતો આવ્યો છે. USAIDના જે કોન્ટ્રાક્ટરોને સરકારની નોટિસ મળી છે તેમાં કોઈનું નામ લખવામાં આવ્યું નથી. કોન્ટ્રાક્ટરોના નામ, હોદ્દાના ઉલ્લેખ વગર નોટિસો આપવામાં આવી હતી, જેના કારણે સરકારે હાંકી કાઢેલા કર્મચારીઓને બેકારી ભથ્થુ મેળવવામાં સમસ્યા સર્જાી શકે છે.




રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ બિહારના પટનામાં પટના મેડિકલ કોલેજના શતાબ્દી સમારોહમાં હાજરી આપી.

શાળા ફી નહીં ભરવાને લીધે વિદ્યાર્થીને એડમિટ કાર્ડ ન આપ્યું હોવાનો આક્ષેપ

## યુપીમાં ફીના કારણે એડમિટ કાર્ડ ન મળતાં વિદ્યાર્થીનો આપઘાત

। (એજન્સી) પ્રતાપગઢ, તા.૨૫ ।

ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લાની એક શાળાના વિદ્યાર્થીને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાનું એડમિટ કાર્ડ આપ વામાં આવ્યું નહીં, જેના કારણે વિદ્યાર્થીએ પોતાના ઘરની પાછળ એક વૃક્ષ પર લટકીને ગળાફાંસો ખાઈ લીધો હોવાની ઘટના બની છે. પોલીસના કહેવા પ્રમાણે વિદ્યાર્થી શાળાની ફી ભરી શક્યો નહીં, જેના કારણે શાળાએ વિદ્યાર્થીને બોર્ડની પરીક્ષાનું એડમિટ કાર્ડ આપ્યું નહીં, અને છેવટે વિદ્યાર્થીએ આપઘાત કરવાનું પગલું ભર્યું છે. આ ઘટના રવિવારની મોડી રાત્રે અખૌ નોબસ્તા ગામમાં બની હતી. પોલીસે વિદ્યાર્થીના પિતાની ફરિયાદના આધાર પર શાળાના સંચાલક અને આચાર્યની સામે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. નૌબસ્તા ગામના રહેવાસી રાજેન્દ્રસિંહે ફરિયાદ નોંધાવી છે કે તેમનો પુત્ર શિવમસિંહ(૧૮) સાધુરી શિરોમણિ ઈન્ટર કોલેજમાં ઈન્ટરમીડિએટનો વિદ્યાર્થી હતો. આર્થિક તંગીના કારણે એ પોતાના પુત્રની ફી ભરી શક્યા નહીં. શાળાએ એડમિટ કાર્ડ ન આપતા વિદ્યાર્થીએ અંતિમ પગલું ભર્યુ હતું.

## શ્રીલંકાના નૌકાદળે ૩૨ ભારતીય માછીમારોની ધરપકડ

। (એજન્સી) કોલંબો, તા.૨૫ ।

શ્રીલંકાં નૌકાદળે પોતાના દરિયાઇ હદમાં ગેરકાયદે માછીમારી કરવાના આક્ષેપ અંતર્ગત ૩૨ ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. આની સાથે જ માછલી પકડવાની પાંચ બોટ પર જપ્ત કરી છે. શ્રીલંકાના નૌકાદળે એક નિવેદનમાં કહ્યું કે આ ધરપકડ રવિવારે મન્નારના ઉત્તરમાં દરિયાઇ ક્ષેત્રમાં એક વિશેષ અભિયાન અંતર્ગત કરવામાં આવી છે. આ ભારતીય માછીમારો ગેરકાયદે શ્રીલંકાના જળક્ષેત્રમાં માછીમારી કરી રહ્યા હતા. નૌકાદળ વિદેશી માછીમારોની ગેરકાયદે ગતિવિધિઓ પર અંકુશ લગાવવા માટે શ્રીલંકાઇ જળક્ષેત્રમાં નિયમિત પેટ્રોલિંગ અને અભિયાન ચલાવે છે, તથા સ્થાનિક માછીમારોની આજીવિકા પર આ ગતિવિધિઓના પ્રભાવ પર ધ્યાનમાં રાખે છે. ધરપકડ કરાયેલા ભારતીય માછીમારો અને તેમની હોડીઓને તલાઈમન્નાર ઘાટ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવા માટે મન્નારના મત્સ્ય નિરીક્ષકને સોંપવામાં આવ્યા છે. નૌકાદળે વધુમાં કહ્યું કે આ વર્ષમાં હમણાં સુધી શ્રીલંકાઇ જળક્ષેત્રમાં કથિત રીતે ગેરકાયદે માછીમારી કરવાના આરોપમાં ૧૩૧ ભારતીય માછીમારોની ધરપકડ કરવામાં આવી છે.

RBIએ નવી ગાઈડલાઈન તાત્કાલિક અસરથી અમલી બનાવી

## અર્બન કો-ઓ. બેન્કો માટે સ્મોલ વેલ્યૂ લોનની મર્યાદા વધારી રૂ.3 કરોડ કરાઈ

### અગાઉ અર્બન કો-ઓપરેટિવ બેન્કોએ તેમની સ્મોલ વેલ્યૂ લોન કુલ ધિરાણના ઓછામાં ઓછા ૫૦ ટકા રાખવી પડતી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

રિઝર્વ બેન્કે અર્બન કો-ઓપરેટિવ બેન્કો માટે સ્મોલ વેલ્યૂ લોનની વ્યાખ્યામાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે, જે અંતર્ગત લોન વેલ્યૂ રૂ.૨૫ લાખથી વધુ ન હોય અથવા તેમની ટિયર-૧ મૂડીના ૦.૪ ટકાથી (બેમાંથી જે વધારે હોય) તેને સ્મોલ લોન ગણાશે, જેમાં લોનધારકદીઠ મહત્તમ રૂ. ૩ કરોડની લોન મળી શકશે. નવી ગાઈડલાઈન તાત્કાલિક અસરથી અમલી બનાવી દેવાઈ છે. અગાઉ અર્બન કો-ઓપરેટિવ બેન્કોએ તેમની સ્મોલ વેલ્યૂ લોન કુલ ધિરાણના ઓછામાં ઓછા ૫૦ ટકા રાખવી પડતી હતી અને તેમાં પણ રૂ.૨૫ લાખથી વધુ ન હોય અથવા ટિયર-૧ મૂડીના ૦.૨ ટકા પૈકી જે વધુ હોય તે સ્મોલ વેલ્યૂ લોન ગણવામાં આવતી હતી અને લોનધારકદીઠ મહત્તમ રૂ.૧ કરોડની લોન આપવામાં આવતી હતી. જોકે આરબીઆઈએ ટાઈમલાઈન અને ઈન્ટરમીડિયેટ ટારગેટ સહિતના નિયમો યથાવત રાખ્યા છે. આ ઉપરાંત આરબીઆઈએ કહ્યું કે અર્બન કો-ઓપરેટિવ બેન્કો દ્વારા રેસિડેન્શિયલ મોર્ગેજ (ઈન્ડિવિડ્યૂઅલ્સને અપાતી હાઉસિંગ લોન)નું એક્સપોઝર તેમની કુલ લોનના ૨૫ ટકાથી વધવું ન જોઈએ. રેસિડેન્શિયલ મોર્ગેજ સિવાય રિયલ એસ્ટેટમાં એક્સપોઝર કુલ ધિરાણના ૫ ટકાથી વધુ ન હોવું જોઈએ. આરબીઆઈએ અર્બન કો-ઓપરેટિવ બેન્કો માટે ટિયર-૧ માટે ઈન્ડિવિડ્યૂઅલ હાઉસિંગ લોનની મર્યાદા રૂ.૬૦ લાખ, ટિયર-૨ માટે રૂ.૧.૪૦ કરોડ, ટિયર-૩ માટે રૂ.૨ કરોડ અને ટિયર-૪ માટે રૂ.૩ કરોડ સેટ કરી છે. આરબીઆઈએ આ સાથે કહ્યું હતું કે યુસીબીના બોર્ડ સમયાંતરે લોન-સાઈઝ કેટેગરી મુજબ પોર્ટફોલિયો બિહેવિયરની સમીક્ષા કરશે અને જરૂર લાગશે ત્યાં લોનની મર્યાદા ઘટાડી શકે છે.

પાકિસ્તાનમાં કરોડો ડોલરનું

## ગ્વાદર એરપોર્ટ તૈયાર, પરંતુ કોઇ વિમાન કે પ્રવાસી નથી

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૨૫ ।

પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંતમાં ચીનના ૨૪ કરોડ ડોલરના ફંડ સાથેનું ગ્વાદર એરપોર્ટ ઓક્ટોબર ૨૦૨૪માં સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું હતું, પરંતુ ત્યાં કોઈ વિમાન કે યાત્રી હજુ સુધી જોવા મળ્યાં નથી. ઘણા મહિનાથી બેકાર પડી રહેલું પાકિસ્તાનનું આ સૌથી મોટું ઈન્ટરનેશનલ એરપોર્ટ હવે એક રહસ્ય બની ગયું છે. ૪,૩૦૦ એકર જમીનમાં ફેલાયેલ એરપોર્ટને આ વર્ષના ૨૦ જાન્યુઆરીએ સત્તાવાર રીતે ખુલ્લુ મુકાયું હતું. ગ્વાદર એરપોર્ટનું નિર્માણકાર્ય ૨૦૧૯માં શરૂ થયું હતું. પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (PIA)નું PK 503 એરક્રાફ્ટ નવા એરપોર્ટ પર આવનાર પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટ હતી, જે તેના ઉદ્ઘાટન બાદ વ્યાપારી મુસાફરો અને ઉચ્ચ અધિકારીઓ સાથે આવ્યું હતું. જોકે વાર્ષિક ૪ લાખ મુસાફરોને હેન્ડલ કરવા બનાવાયેલા આ એરપોર્ટ માટે કોઈ શિડ્યુલ્ડ ફ્લાઈટ નથી. સુરક્ષાની ચિંતાને કારણે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને ચીનના વડાપ્રધાન લી કિઆંગે એરપોર્ટનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. પ્રથમ ફ્લાઈટ પણ મીડિયા અથવા લોકોની હાજરી વિના ઉતરી હતી. ચીનના શિનજિયાંગ પ્રાંતને અરબી સમુદ્ર સાથે જોડતા ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) પ્રોજેક્ટના ભાગરૂપે આ એરપોર્ટ તૈયાર કરાયું છે અને પાકિસ્તાન તેને મોટો પ્રોજેક્ટ ગણાવતું હતું. જોકે ગ્વાદરના લોકો કહે છે કે આ પ્રોજેક્ટથી ભાગ્યે જ કોઈ ફાયદો થયો છે. બલૂચિસ્તાન પ્રાંતમાં આવેલા ગ્વાદરમાં વીજ પુરવઠો અને સ્વચ્છ પાણી જેવી મૂળભૂત માળખાકીય સુવિધાઓનો પણ






અભાવ છે. પાકિસ્તાન-ચીન બાબતોના નિષ્ણાત અઝીમ ખાલિદે જણાવ્યું હતું કે આ એરપોર્ટ પાકિસ્તાન કે ગ્વાદર માટે નથી.તે ચીન માટે છે, જેથી તેઓ તેમના નાગરિકોને ગ્વાદર અને બલૂચિસ્તાનમાં સુરક્ષિત પ્રવેશ કરાવી શકે. બલૂચિસ્તાનમાં સુરક્ષા પડકારો વચ્ચે એરપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રાંતના અલગતાવાદી જૂથો પાકિસ્તાની સુરક્ષા દળો અને ચીની કામદારો બંનેને ટાર્ગેટ બનાવી રહ્યાં છે અને તેમના શોષણનો વિરોધ કરે છે. પાકિસ્તાને ચીની રોકાણોને બચાવવા માટે ગ્વાદરમાં તેની સૈન્ય હાજરી વધારી છે, જેના કારણે વધુ ચેકપોઈન્ટ ઊભા કરાયા છે અને હિલચાલ પર નિયંત્રણો છે.

## કેનેડાએ વિઝા રદ કરવા અધિકારીઓને સત્તા આપી

। (એજન્સી) ઓટાવા, તા.૨૫ ।

કેનેડાએ ઈમિગ્રેશનના નિયમોમાં વ્યાપક ફેરફાર કર્યા છે. આ ફેરફારો અંતર્ગત બોર્ડર અધિકારીઓને દેશમાં ટેમ્પરરી રેસિડેન્ટ વિઝા પર રહી રહેલાં લોકોના વિઝા રદ કરવા માટે વધુ સત્તા આપી છે. કેનેડાએ નિયમોમાં કરેલાં આ ફેરફારથી હજારો ભારતીયોને અસર થવાની શક્યતા છે. ન્યૂ ઈમિગ્રેશન એન્ડ રિફ્યુજી પ્રોટેક્શન રેગ્યુલેશન હેઠળ બોર્ડર અધિકારીઓને ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ઈટીએ) તથા ટેમ્પરરી રેસિડેન્ટ વિઝા(ટીઆરવી) રદ કરવાની વધુ સત્તા અપાઈ છે. વિઝા લેવા માટે ખોટી માહિતી પૂરી પાડવી અથવા ગુનાઈત ઈતિહાસ હોવો જેવી વ્યક્તિગત સ્થિતિ અથવા પરિસ્થિતિમાં બદલાવના સંજોગોમાં બોર્ડર અધિકારીઓ ઈટીએ અથવા ટીઆરવી રદ કરી શકશે. આ નવા નિયમોને પગલે વર્ષે આશરે ૭૦૦૦થી વધુ ટેમ્પરરી રેસિડેન્ટ વિઝા, વર્ક પરમીટ અને સ્ટડી પરમીટ વિઝા રદ થવાની શક્યતા છે. કેટલાંક પ્રવાસીઓને તો એરપોર્ટ પરથી જ સ્વદેશ પરત મોકલી દેવાશે. આ ઉપરાંત જો કોઈ વ્યક્તિ તેના વિઝાની સમયમર્યાદા બાદ કેનેડા છોડી પરત નહીં જાય તેવી ખાતરી ના થાય અથવા તો વહીવટી ભૂલને કારણે તેને કેનેડામાં રહેવાની મંજૂરી અપાઈ છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એડવાન્ટેજ આસામ ૨.૦ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમિટનું ઉદઘાટન કર્યું

। નવી દિલ્હી, તા.૨૫ ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના ગુવાહાટીમાં એડવાન્ટેજ આસામ ૨.૦ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમિટ ૨૦૨૫નું ઉદઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં તમામ મહાનુભવોને આવકારતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "પૂર્વ ભારત અને પૂર્વોત્તર ભારત આજે ભવિષ્યની નવી યાત્રાએ નીકળી રહ્યું છે અને એડવાન્ટેજ આસામ અતુલ્ય સંભવિતતા અને દુનિયા સાથેની પ્રગતિને એકબીજા સાથે જોડવા માટેની એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. ભારતની સમૃદ્ધિમાં પૂર્વ ભારત દ્વારા ભજવવામાં આવેલી મુખ્ય ભૂમિકાનો ઈતિહાસ સાક્ષી છે." પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "આજે જ્યારે આપણે વિકસિત ભારતની દિશામાં પ્રગતિ કરી રહ્યાં છીએ, ત્યારે પૂર્વ ભારત અને પૂર્વોત્તર તેમની ખરી સંભવિતતા પ્રદર્શિત કરશે." તેમણે કહ્યું હતું કે, એડવાન્ટેજ આસામ પણ આ જ ભાવનાનું પ્રતિનિધિત્વ છે તથા તેમણે આસામની સરકાર અને મુખ્યમંત્રીને આ પ્રકારનાં ભવ્ય સમારંભનું આયોજન કરવા બદલ અભિનંદન આપ્યાં હતાં. તેમણે ૨૦૧૩ના તેમના શબ્દોને યાદ કર્યા હતા, જ્યારે તેમણે કહ્યું હતું કે તે સમય દૂર નથી કે જ્યારે 'એ ફોર આસામ' આદર્શ બની જશે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં નિષ્ણાતો એક નિશ્ચિતતા પર સર્વાનુમતે સંમત થાય છે– ભારતનો ઝડપી વિકાસ. આજનું ભારત આ સદીનાં આગામી ૨૫ વર્ષ માટે લાંબા ગાળાનાં વિઝન સાથે કામ કરી રહ્યું છે. ભારતની યુવા પેઢી પર દુનિયાને અપાર વિશ્વાસ છે, જે ઝડપથી કુશળ અને નવીનતાસભર બની રહી છે." તેમણે નવી આકાંક્ષાઓ સાથે ગરીબીમાંથી બહાર આવીને ભારતના નવ-મધ્યમ વર્ગમાં વધી રહેલા વિશ્વાસની પણ નોંધ લીધી હતી. રાજકીય સ્થિરતા અને નીતિગત સાતત્યને ટેકો આપતા ભારતના ૧૪૦ કરોડ લોકો પર વિશ્વ દ્વારા મૂકેલા વિશ્વાસને રેખાંકિત કરીને શ્રી મોદીએ ભારતના શાસન પર પ્રકાશ પાડ્યો હતો. જે સતત સુધારાઓનો અમલ કરી રહ્યું છે. વધુમાં, તેમણે ધ્યાન દોર્યું હતું કે ભારત તેની સ્થાનિક સપ્લાય ચેઈનને મજબૂત કરી રહ્યું છે અને વિવિધ વૈશ્વિક પ્રદેશો સાથે મુક્ત વેપાર કરાર કરી રહ્યું છે. તેમણે પૂર્વ એશિયા અને નવા ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર સાથે મજબૂત કનેક્ટિવિટીનો ઉલ્લેખ પણ કર્યો હતો, જેનાથી નવી તકો ઊભી થઈ છે.

આસામમાં એકત્ર થયેલી જનમેદનીનાં સાક્ષી સ્વરૂપે ભારતમાં વૈશ્વિક સ્તરે વધી રહેલા વિશ્વાસ પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું હતું કે, "ભારતનાં વિકાસમાં આસામનું પ્રદાન સતત વધી રહ્યું છે." તેમણે નોંધ્યું હતું કે, એડવાન્ટેજ આસામ સમિટની પ્રથમ આવૃત્તિ વર્ષ ૨૦૧૮માં યોજાઈ હતી, જે સમયે આસામની અર્થવ્યવસ્થાનું મૂલ્ય રૂ. ૨.૭૫ લાખ કરોડ હતું. અત્યારે આસામ અંદાજે રૂ. ૬ લાખ કરોડનું અર્થતંત્ર ધરાવતું રાજ્ય બની ગયું છે. તેમની સરકારનાં શાસનમાં આસામનું અર્થતંત્ર માત્ર છ વર્ષમાં બમણું થઈ ગયું છે. આ કેન્દ્ર અને રાજ્યમાં તેમની સરકારની ડબલ અસર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આસામમાં અસંખ્ય રોકાણોએ તેને અમર્યાદિત શક્યતાઓની સ્થિતિમાં પરિવર્તિત કરી દીધી છે. આસામ સરકાર શિક્ષણ, કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને રોકાણ માટે શ્રેષ્ઠ વાતાવરણ ઊભું કરી રહી છે. તેમની સરકારે તાજેતરનાં વર્ષોમાં જોડાણ સાથે સંબંધિત માળખાગત સુવિધાઓ પર વિસ્તૃતપણે કામ કર્યું છે. તેમણે એક ઉદાહરણ પૂરું પાડતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ અગાઉ બ્રહ્મપુત્રા નદી પર ૭૦ વર્ષ દરમિયાન ફક્ત ત્રણ પુલોનું નિર્માણ થયું હતું. જો કે છેલ્લા ૧૦ વર્ષમાં ચાર નવા પુલ બનાવવામાં આવ્યા છે. આમાંથી એક પુલનું નામ ભારત રત્ન ભૂપેન હઝારિકાના નામ પરથી રાખવામાં આવ્યું છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૪ વચ્ચે આસામને સરેરાશ રૂ. ૨,૧૦૦ કરોડનું રેલવે બજેટ મળ્યું હતું પણ તેમની સરકારે આસામનું રેલવે બજેટ ચાર ગણું વધારીને રૂ. ૧૦,૦૦૦ કરોડ કર્યું હતું. આસામમાં ૬૦થી વધારે રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ થઈ રહ્યું છે. પૂર્વોત્તરમાં પ્રથમ સેમી હાઈ-સ્પીડ ટ્રેન હવે ગુવાહાટી અને ન્યૂ જલપાઈગુડી વચ્ચે કાર્યરત છે.

આસામમાં હવાઈ જોડાણના ઝડપી વિસ્તરણનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ સુધી ફ્લાઈટ્સ ફક્ત સાત રૂટ પર જ ચાલતી હતી પણ અત્યારે લગભગ ૩૦ રૂટ પર ફ્લાઈટ શરૂ થઈ ગઈ છે. આ વિસ્તરણથી સ્થાનિક અર્થતંત્રને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું છે અને યુવાનો માટે રોજગારીની તકોનું સર્જન થયું છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ફેરફારો માત્ર માળખાગત સુવિધાઓ સુધી જ મર્યાદિત નથી, પણ કાયદો અને વ્યવસ્થામાં અભૂતપૂર્વ સુધારો થયો છે, જેમાં છેલ્લાં એક દાયકામાં અનેક શાંતિ સમજૂતીઓ પર હસ્તાક્ષર થયાં છે અને લાંબા સમયથી વિલંબિત સરહદી સમસ્યાઓનું સમાધાન થયું છે. આસામનો દરેક વિસ્તાર, દરેક નાગરિક અને દરેક યુવાન રાજ્યનાં વિકાસ માટે અવિરતપણે કામ કરી રહ્યો છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારત અર્થતંત્રનાં તમામ ક્ષેત્રો અને સ્તરોમાં નોંધપાત્ર સુધારામાંથી પસાર થઈ રહ્યું છે તથા વેપાર-વાણિજ્યમાં સુગમતા વધારવા સતત પ્રયાસો થઈ રહ્યાં છે તથા ઉદ્યોગ અને નવીનતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે એક વ્યાપક ઈકોસિસ્ટમની સ્થાપના કરવામાં આવી છે. સ્ટાર્ટ અપ, પીએલઆઈ યોજનાઓ મારફતે ઉત્પાદન અને નવી ઉત્પાદન કંપનીઓ અને એમએસએમઈ માટે કરમુક્તિ માટે ઉત્કૃષ્ટ નીતિઓ ઘડવામાં આવી છે." તેમણે એ બાબતની નોંધ પણ લીધી હતી કે, સરકાર દેશનાં માળખાગત ક્ષેત્રમાં નોંધપાત્ર રોકાણ કરી રહી છે. સંસ્થાગત સુધારા, ઉદ્યોગ, માળખાગત સુવિધા અને નવીનતાનો સમન્વય ભારતની પ્રગતિનો પાયો છે. આ પ્રગતિ આસામમાં પણ જોવા મળી રહી છે, જે ડબલ એન્જિન સ્પીડે આગેકૂચ કરી રહ્યું છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે, આસામમાં ૨૦૩૦ સુધીમાં ૧૫૦ અબજ ડોલરનું અર્થતંત્ર હાંસલ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આસામ આ લક્ષ્યાંક હાંસલ કરી શકે છે, જેનો શ્રેય આસામનાં સક્ષમ અને પ્રતિભાશાળી લોકોને તથા તેમની સરકારની કટિબદ્ધતાને આભારી છે. આસામ દક્ષિણ પૂર્વ એશિયા અને ભારત વચ્ચે પ્રવેશદ્વાર તરીકે વિકસી રહ્યું છે એ વાતનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ કહ્યું હતું કે, આ સંભવિતતાને આગળ વધારવા માટે સરકારે નોર્થ ઈસ્ટ ટ્રાન્સફોર્મેટિવ ઔદ્યોગિકરણ યોજના 'ઉન્નતિ' શરૂ કરી છે. 'ઉન્નતિ' યોજનાથી આસામ સહિત સંપૂર્ણ પૂર્વોત્તર ક્ષેત્રમાં ઉદ્યોગ, રોકાણ અને પ્રવાસનને વેગ મળશે. તેમણે ઔદ્યોગિક ભાગીદારોને આ યોજના અને આસામની અમર્યાદિત સંભવિતતાનો સંપૂર્ણ લાભ લેવાનો આગ્રહ કર્યો. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, આસામનાં કુદરતી સંસાધનો અને વ્યૂહાત્મક સ્થાન તેને રોકાણ માટે પસંદગીનું સ્થળ બનાવે છે. તેમણે આસામની ચાને આસામની સંભવિતતાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, છેલ્લાં ૨૦૦ વર્ષમાં તે વૈશ્વિક બ્રાન્ડ બની ગઈ છે, જેણે અન્ય ક્ષેત્રોમાં પણ પ્રગતિની પ્રેરણા આપી છે. વિશ્વભરમાં સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈનની વધતી જતી માગ સાથે વૈશ્વિક અર્થતંત્રમાં થઈ રહેલા નોંધપાત્ર ફેરફારો પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતે તેના ઉત્પાદન ક્ષેત્રને આગળ વધારવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો શરૂ કર્યા છે. મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ્સ જેવા ક્ષેત્રોમાં ઓછા ખર્ચે ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ભારતનો ઉદ્યોગ માત્ર સ્થાનિક માંગને જ પૂર્ણ કરી રહ્યો નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારોમાં શ્રેષ્ઠતા ઉત્પાદન માટે નવા બેંચમાર્ક સ્થાપિત કરી રહ્યો છે." તેમણે ધ્યાન દોર્યું હતું કે, આસામ આ ઉત્પાદન ક્રાંતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

વૈશ્વિક વેપારમાં આસામનો હંમેશાથી જ હિસ્સો રહ્યો છે એ વાત પર ભાર મૂકીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, અત્યારે ભારતનાં દરિયાકિનારા પરનાં કુદરતી ગેસનાં ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધારે હિસ્સો આસામમાંથી આવે છે અને તાજેતરનાં વર્ષોમાં આસામની રિફાઈનરીઓની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે.

STATUE OF UNITY

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Gujarat Tourism





# શ્રીમતી દ્રૌપદી મુર્મુ

## ભારતના માનનીય રાષ્ટ્રપતિનું

## ગુજરાતના એકતાનગર સ્થિત સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં ભાવભર્યું સ્વાગત છે.

**અખંડ ભારતના મહાન નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલનું**
એક એવું સ્મારક કે જે તેમની દૂરંદેશી, મક્કમતા અને નેતૃત્વને મૂર્તિમંત કરી રહ્યું છે.

**26 અને 27 ફેબ્રુઆરી, 2025**

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા અને રાષ્ટ્રીય સ્મારક તરીકે સ્ટેચ્યૂ ઑફ યુનિટી રાષ્ટ્રના નાગરિકોમાં અખંડિતતા, સામર્થ્ય અને અતૂટ ધૈર્યનો ભાવ જગાવે છે.



સરદાર સરોવર ડેમ | જંગલ સફારી | આરોગ્ય વન | મિયાવાકી ફોરેસ્ટ | વૅલી ઑફ ફ્લાવર
બટરફ્લાય ગાર્ડન | ડાયનો ટ્રેઇલ | કેક્ટસ ગાર્ડન | ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક | યુનિટી ગ્લો ગાર્ડન



સ્ટેચ્યૂ ઑફ યુનિટી વિશે વધુ જાણવા માટે QR સ્કેન કરો.

### સ્ટેચ્યૂ ઑફ યુનિટીથી અંતર:

- રાજપીપળાથી 22 કિ.મી. દૂર
- વડોદરાથી 90 કિ.મી. દૂર
- સુરતથી 150 કિ.મી. દૂર
- અમદાવાદથી 200 કિ.મી. દૂર

### પરિવહનના વિકલ્પો

- એકતા નગર, 12 કિ.મી.
- એકતા નગર (EKNR), 12 કિ.મી. | વડોદરા (BRC), 90 કિ.મી.
- વડોદરા (BDQ), 94 કિ.મી.